# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika




વર્ષ : ૦૨ ૨૦૨૫ : એપ્રિલ

અંક : ૦૪



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**


**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા - અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંટ રૂ. ૨૫૦૦/-ના દાતા



**સ્વ. રાજેન્દ્રકુમાર ઠાકોરલાલ ખંભોળજા**

**જન્મ તા. ૦૪-૧૧-૧૯૬૪, બુધવાર** — **સ્વ.તા. ૧૬-૦૪-૨૦૨૩, રવિવાર**

**આસો વદ અમાસ** — **ચૈત્ર વદ અગિયારસ**

"ના માંગતાબધુ આપ્યું તમે, ન કહેતા બધુ કર્યું છે તમે,
અમારા પ્રેમ અને સંસ્કારનું સિંચન કર્યું છે તમે"

આપની ચિર વિદાયને આજે ત્રણ વર્ષ થયા છે. પરંતુ આપની સ્મૃતિ અમારા હૃદયમાં આજે પણ પ્રેરણારૂપ છે. ફૌજી તરીકે તમારું કરૂણાજનક, હૃદયસ્પર્થી અને સમર્પિત જીવન અમને હંમેશા રાહ ચિંધશે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના. "નમસ્કાર"
॥ જય શ્રી કૃષ્ણ ॥

**આપના સ્વજનો**

**ઉર્જિતા રાજેન્દ્રકુમાર ખંભોળજા (પત્ની)**
**સુશીલાબેન ઠાકોરલાલ ખંભોળજા (માતા)**
**વિનયકુમાર રાજેન્દ્રકુમાર ખંભોળજા (પુત્ર)**
**પ્રિયંકા વિનયકુમાર ખંભોળજા (પુત્રવધુ)**
**ધર્વ વિનયકુમાર ખંભોળજા (પૌત્ર)**
**ગુંજન (ચેતના) દેવલકુમાર ભટ્ટ (દિકરી)**
**દેવલકુમાર મોરારીભાઈ ભટ્ટ (જમાઈ)**
**માનુશ્રી દેવલકુમાર ભટ્ટ (દોહીત્રી)**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/–ના દાતા
## જ્ઞાતિનું ગૌરવ



**મૈત્રી રોશનકુમાર ઠાકર**
**જન્મ તા. ૨૫–૦૪–૨૦૧૦**

મુળ સોજીત્રા નિવાસી સ્વ. હર્ષદકુમાર ઠાકર (દાદા) અને સ્વ. જ્યોત્સનાબેન ઠાકર (દાદી)ની પૌત્રી તથા સોજીત્રા નિવાસી સ્વ. જશવંતભાઈ બાબુભાઈ ડોળિયા (નાના) અને અલકાબેન જશવંતભાઈ ડોળિયા (નાની)ની પૌત્રી તથા રોશનકુમાર ઠાકર (પિતા) અને કેતકીબેન રોશનકુમાર ઠાકર (માતા)ની લાડકવાયી દીકરી મૈત્રી રોશનકુમાર ઠાકરએ સોજીત્રા તેમજ સમગ્ર ઠાકર અને ડોળિયા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

મૈત્રી રોશનકુમાર ઠાકર CBSE બોર્ડ દ્વારા લેવાયેલ 10th બોર્ડની પરીક્ષામાં ૯૧.% સાથે U.A.E. (દુબઈ) ખાતે ઉત્તિર્ણ થયેલ છે. સોજીત્રા ગામ તથા બાજખેડાવાળ સમાજ અને પરિવારનું નામ રોશન કરેલ છે. દિકરી મૈત્રીને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દી માટે ખૂબ ખૂબ શુભકામનાઓ.

**દિકરી મૈત્રીના શુભેચ્છક**

| | |
|---|---|
| સ્વ. હર્ષદકુમાર ઠાકર (દાદા) | સ્વ. જ્યોત્સનાબેન ઠાકર (દાદી) |
| સ્વ. જશવંતભાઈ ડોળિયા (નાના) | અલકાબેન ડોળિયા (નાની) |
| રોશનકુમાર ઠાકર (પિતા) | કેતકીબેન ઠાકર (માતા) |
| કિર્તી રોશનકુમાર ઠાકર (બહેન) | અજયભાઈ અને અક્ષયભાઈ ડોળિયા (મામા) |

## શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આણંદ

આઝાદ મેદાન, આણંદ–૩૮૮૦૦૧ ફોન : (૦૨૬૯૨) ૨૪૪૨૧૨

ચૈત્ર સુદ બીજ નવરાત્રી તા. ૨૦–૩–૨૬ના રોજ રાધેકૃષ્ણ મહિલા મંડળના સહયોગથી આનંદના ગરબાની આરાધના સાથે ભક્તિમય વાતાવરણ સાથે ગરબાની રમઝટમાં મોટી સંખ્યામાં સભ્ય બહેનોએ માનો ગરબો માથે લઈ આશીર્વાદ લઈ પુણ્યના ભાગીદાર બન્યા.

મંડળના કારોબારી બહેનોના સાથ–સહકારથી ખુબ સુંદર આયોજન થકી સૌનો ઉત્સાહ આનંદ, તન–મન–ધનથી સહકાર આપી માના આશીર્વાદ મેળવ્યા. આ પ્રસંગે ગીતાબેન હેમંતકુમાર શુકલા તરફથી માતાજીની સાડી ભેટ આપેલ તથા તેમના દીકરા પ્રણવ એચ. શુકલ (ઓસ્ટ્રેલિયા) તરફથી અલ્પાહાર – ફરાળી વાનગીનું સુંદર આયોજન કરેલ. હસ્તે – ગીતાબેન એચ. શુકલ.

ભારતીબેન મનહરભાઈ દવે તરફથી મહાપ્રસાદ માટે પેંડાનો સહયોગ મળેલ. અન્યપ્રસાદ માટે ધર્મિષ્ઠાબેન દવે, બિંદુબેન ભટ્ટ તથા પાયલબેન દવે દ્વારા કરવામાં આવેલ.

દિલીપભાઈ એન. શુકલ હસ્તે સ્વ. મધુકાન્તાબેનના સ્મરણાર્થે રૂ. ૩૦૦૦/– (આઈસ્ક્રીમ માટે) સહયોગ મળેલ. ડૉ. પ્રવિણાબેન એન. પંડયા રૂ. ૧૦૦૨/–, ડૉ. મિનાક્ષીબેન ભટ્ટ રૂ. ૧૦૦૦/–, ભારતીબેન અનિલભાઈ ભટ્ટની લગ્નતિથિ ભેટ રૂ. ૫૦૦/– તથા સ્વ. પ્રેમીલાબેન ભટ્ટ હસ્તે – ભારતીબેન ભટ્ટ રૂ. ૫૦૦/–, સ્વ. ઈન્દુબેન મનુભાઈ હ. રેખાબેન આર. શેલત રૂ. ૫૦૧/–, કામીનીબેન કૌશિકભાઈ મહેતા રૂ. ૫૦૦/–, હંસાબેન એમ. શુકલ હસ્તે. જ્યોતિબેન શુકલ રૂ. ૫૦૧/–, અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૭૦૨/–

આ પ્રસંગમાં ઉપસ્થિત સર્વે સભ્ય બહેનોને લીનાબેન કમલભાઈ ભટ્ટ તથા દક્ષાબેન સુધીરભાઈ પંડ્યા તરફથી તાબા–પિતળની મોટી દિવીઓ આપેલ. ભેટનો સહયોગ મળેલ. શીતલબેન તથા પુત્ર શીવમ જોષીના સહયોગથી સ્વ. ચંન્દ્રકાન્તભાઈ જી. જોષી સ્મરણાર્થે. આનંદના ગરબાની બુક સર્વેને ભેટ આપવામાં આવેલ.

સર્વે દાતાશ્રીઓના સાથ–સહકાર માટે ખૂબ ખૂબ આભાર સહ વંદન હવે પછી કાર્યક્રમ ગ્રુપમાં (મહિલા મંડળના) જણાવવામાં આવશે.

| | | |
|---|---|---|
| **પાયલબેન પી. દવે** | **ગીતાબેન એચ. શુકલ** | **રીટાબેન એમ. ધગટ** |
| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** | **મંત્રી** |

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

### ગંગાપૂજન ધાર્મિક વિધિ

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આગામી તા. ૨૫–૫–૨૦૨૬ને સોમવારના રોજ ગંગાપૂજનની ધાર્મિક વિધી કરાવવામાં આવશે. આ વિધીમાં બેસવા માટે પોતાના નામ નોંધાવા માટે તથા અન્ય માહિતી માટે દિપ્તીબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧ તથા જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨ પર સંપર્ક કરવો. આ વિધી સવારે ૮.૦૦ વાગ્યાથી બપોરે ૧.૦૦ સુધી પુનીતાશ્રમમાં કરાવવામાં આવશે.

### ડાન્સ કોમ્પીટીશન

અમારી સંસ્થા દ્વારા આગામી તા. ૩૧–૫–૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૧.૩૦ થી દર વર્ષની જેમ જ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોમ્પીટીશનમાં ભાગ લેવા ઈચ્છતા બાળકો, યુવક–યુવતીઓ અને મહિલાઓએ પોતાના નામ ઉપરોક્ત મોબાઈલ નંબર પર નોંધાવીને અન્ય માહિતી મેળવી લેવી. ડાન્સ કોમ્પીટીશનનું સ્થળ શ્રી મુક્તજીવન ઓડીટોરીયમ સ્વામીનારાયણ મંદિર, રેલ્વે ક્રોસીંગ પાસે, મણીનગર, અમદાવાદ રાખેલ છે.

### મહિલા હેલ્થ સેમીનાર

અમારી સંસ્થા દ્વારા આગામી જૂન મહિનામાં મહિલાઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈને એક સેમીનાર યોજવામાં આવનાર છે. જે બહેનોને આ સેમીનારમાં ભાગ લેવાનો હોય તેમણે ઉપરોક્ત મોબાઈલ નંબર પર પોતાના નામ નોંધાવી દેવા.

તારીખ ૧૪–૬–૨૦૨૬, સ્થળ – પૃથ્વી હોટલ, સમય બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦ વાગે

### અન્નપૂર્ણા સહાય યોજના

આ યોજના અંતર્ગત અમારી સંસ્થા દ્વારા જ્ઞાતિના જરૂરીયાતમંદ જ્ઞાતિના ભાઈ–બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી તેમજ વાર તહેવાર મુજબની ચીજવસ્તુ મીઠાઈ વગેરે પહોંચતી કરવામાં આવે છે. આ માટે આ વધતી મોંઘવારીમાં આ તમામ ખર્ચને પહોંચી વળવા જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી અમોને સતત દાનનો પ્રવાહ મળતો રહ્યો છે. આ મહિને આ યાદી નીચે મુજબ છે.

(૧) સ્વ. શ્રી શૈલેષભાઈ વિનાયકરાવ શુકલના સ્મરણાર્થે હસ્તે શ્રી મંજુલાબેન શુકલ તરફથી રૂ. ૫૧૦૦/– (૨) શ્રી નયનાબેન તથા ચંદ્રકાંતભાઈ શેલત તરફથી રૂ. ૧૫૦૦/– (૩) શ્રી નયનાબેન પી. દવે રૂ. ૫૦૦/–


એજ્યુકેશન ફંડ

(૧) સ્વ. શ્રી વંદનાબેન એચ. ત્રિવેદીના સ્મરણાર્થે હસ્તે શ્રી હરીકૃષ્ણ ત્રિવેદી તરફથી રૂ. ૫૧૦૦૦/– (૨) શ્રી ડૉ. વિધીબેન વત્સલ કોટડીયા રૂ. ૧૫૦૧/–

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**


**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

| | | |
|---|---|---|
| Name | : | Dr. Dhruvi Heratkumar Pandit |
| Height | : | 5’-3’’ |
| Weight | : | 65 Kg. |
| Birth Date | : | 18-06-2000 |
| Birth Time | : | 12.05 p.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | Doctor of Pharmacy |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 34000/- |
| Native Place | : | Anand |
| Mother Name | : | Heena Heratkumar Pandit |
| Borther/Sisters | : | 1-Unmarried |
| Maternal Place | : | Bhaveshkumar Manharlal Bhatt-Vadodara |
| Father | : | Heratkumar Madhusudan Pandit |
| Address | : | 32, Anjaniya Niketan, Nr. Shantikunj Society, B/h. Nanan Bazar, B/h. G.H.Patel Com. Sci. College, Vallabh Vidhyanagar, Anand-388120 |
| Mobile No. | : | 9824167426 |
| E-mail | : | - |
| Contact | : | As Above |
| Address | : | As Above |
| Phone | : | As Above |
| Choice | : | Post Greduate (Science) And Family Oriented |
| Note | : | - |
| Gotra | : | Samanas |
| Nakshatra | : | Purva Shadha |
| Rashi | : | Dhan |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | Kshatriya |
| Yoni | : | Vanar |
| Varg | : | Sarp |




| | |
|---|---|
| Name | : Ku. Mansi Devendrabhai Shelat |
| Height | : 5’-4’’ |
| Weight | : - |
| Birth Date | : 10-11-2001 |
| Birth Time | : 1.31 p.m. |
| Birth Place | : Anand, Gujarat |
| Education | : Bechelor of Medical Science |
| Profession | : Job |
| Monthly Income | : - |
| Native Place | : Umreth |
| Mother Name | : Neera Maheshchandra Shukla |
| Borther/Sisters | : 1-Sister-Married |
| Maternal Place | : - |
| Father | : Devendra Bhanuprasad Shelat |
| Address | : 67B, Australorp Avenue, Seven Hills, NSW-2147 |
| Mobile No. | : +61 432341454 |
| E-mail | : d_shelat@hotmail.com |
| Contact | : - |
| Address | : - |
| Phone | : - |
| Choice | : Australia, Cultured and Hard Working |
| Note | : - |


| | |
|---|---|
| Gotra | : Upmanasya |
| Nakshatra | : Purva Falguni |
| Rashi | : Simha |
| Nadi | : Madhya |
| Gan | : Manushya |
| Varna | : Kshatriya |
| Yoni | : Undara |
| Varg | : Swan |



| | | |
|---|---|---|
| Name | : | Ku. Ayushi Pandya |
| Height | : | 179 cm |
| Weight | : | 60 Kg. |
| Birth Date | : | 24-10-1997 |
| Birth Time | : | 7.45 a.m. |
| Birth Place | : | Varanasi |
| Education | : | M.B.A. |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 90000/- |
| Native Place | : | Varanasi |
| Mother Name | : | Mamta Pandya |
| Borther/Sisters | : | 1-Sister |
| Maternal Place | : | - |
| Father | : | Ajay Pandya |
| Address | : | B-36/40, Ashirvad Apartment, Kabirnagar, Nr. Dhugakund, Varanasi-221005 |
| Phone No. | : | 9451894592 |
| Mobile No. | : | 9621768222 |
| E-mail | : | ajaypandya02@gmail.com |
| Contact | : | 9318926114/9621768222 |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Shandilya |
| Nakshatra | : | Pushya |
| Rashi | : | Cancer |
| Nadi | : | Madhya |
| Gan | : | Dev |
| Varna | : | Vipra |
| Yoni | : | Mesh |
| Varg | : | - |




| | | |
|---|---|---|
| Name | : | Ku. Shrima Gaurangbhai Dave |
| Height | : | 5’-4’’ |
| Weight | : | 50 Kg. |
| Birth Date | : | 18-06-1987 |
| Birth Time | : | 00.14 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | Company Secretary (C.S.) M.Com., B.Com. |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Nadiad |
| Mother Name | : | Varsha Gaurang Dave |
| Borther/Sisters | : | 1-Brother-Married |
| Maternal Place | : | GrandFather - Late Mahendrabhai J. Dave |
| Father | : | Gaurangbhai B. Dave |
| Address | : | Paldi, Ahmedabad |
| Mobile No. | : | +91-9426420398 |
| Choice | : | Caste-Brahmin, Patel, Vaishnav, Jain, Marrital Status - Never Married, Habit-Non Smoker and Non Drinker, Preferred Age Range 3 year elder or younger prefeered, Preferred Location - India (Mosltly Preferred Ahmedabad, Vadodara, Gandhinagar, Pune, Bangalore) |
| Gotra | : | Paunas |
| Nakshatra | : | - |
| Rashi | : | - |
| Nadi | : | - |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |




| | | |
|---|---|---|
| નામ | : | કુ. મેઘા ધીરેનકુમાર ભટ્ટ |
| ઊંચાઈ | : | ૫'–૦૦'' |
| વજન | : | ૫૦ કિલો |
| જન્મ તારીખ | : | ૦૩–૦૩–૧૯૯૯ |
| જન્મ સમય | : | ૦૨.૩૦ સવારે |
| જન્મ સ્થળ | : | ઉમરેઠ |
| અભ્યાસ | : | એમ.બી.બી.એસ. |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | વંદનાબેન ધીરેનકુમાર ભટ્ટ |
| ભાઈ/બહેન | : | – |
| મોસાળ | : | સ્વ. અરવિંદભાઈ વી. ત્રિવેદી, આણંદ |
| પિતા | : | ધીરેનકુમાર કિશોરચંદ્ર ભટ્ટ |
| સરનામું | : | બં.નં. ૩, હરિ ૐ સોસાયટી, જુના ડુમરાલ રોડ, નડીયાદ–૩૮૭૦૦૨ |
| ફોન નં. | : | ૯૪૨૬૩૭૮૫૧૧ |
| મોબાઈલ નં. | : | – |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | સમકક્ષ |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | લંકાનસ |
| નક્ષત્ર | : | પૂ.ફાલ્ગુની–૪ |
| રાશિ | : | સિંહ |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | ઉંદર |
| વર્ગ | : | શ્વાન |



| | | |
|---|---|---|
| Name | : | Ku. Anushree Rajkrishna Shelat |
| Height | : | 5’-3’’ |
| Weight | : | 56 Kg. |
| Birth Date | : | 25-04-1997 |
| Birth Time | : | 01.50 p.m. |
| Birth Place | : | Varanasi |
| Education | : | M.A. in Psychology |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Varanasi |
| Mother Name | : | Raksha Shelat |
| Borther/Sisters | : | 1-Brother |
| Maternal Place | : | - |
| Father | : | Rajkrishna Shelat |
| Address | : | E.K. 6/29, Gola Gali, Varanasi-221001, U.P. |
| Phone No. | : | 9889359800 |
| Mobile No. | : | - |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Upamanya |
| Nakshatra | : | Anuradha |
| Rashi | : | Vrushik |
| Nadi | : | Madhya |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |




નામ : કુ. દર્શિની અશ્વિનીકુમાર ઠાકર ઊંચાઈ : ૫'–૩'' વજન : ૫૮ કિલો

જન્મતારીખ : ૨૨–૧૨–૧૯૯૩ જન્મસ્થળ : સલુણ જન્મસમય : ૦૬.૫૫ કલાકે

અભ્યાસ : બી.એ. ટુરીઝમ

મૂળવતન : સલુણ વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૪૫૦૦૦/–




ગોત્ર : પૌનસ

રાશિ : મીન

નક્ષત્ર : રેવતી

નાડી : અંત્ય

માતાનું નામ : રક્ષાબેન ઠાકર

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : અશ્વિનકુમાર આઈ. ઠાકર

સરનામું : 60/EV K Sampath Road, C/223, Fifth Floor, Swapnalok Appartment, Vepery, Chennai-600007

ફોન/મોબાઈલ : ૯૦૨૫૧૨૨૩૪૫, ૯૮૮૪૯૭૨૦૧૦

## રત્નકણિકા

– મહેનત વગરનું સપનું "ફક્ત" ઈચ્છા જ રહે છે.

– વ્યક્તિ ભલે ગમે તેટલી સુંદર હોય પણ બાજી તો વ્યક્તિત્વ જ મારી જાય છે.

– જેમ તળાવમાં કમળ ખીલે એમ જ સંઘર્ષમાં વ્યક્તિત્વ ખીલે.

– વિચોરા ગમે તેટલા જાગૃત અને ઊંચા હોય પણ જ્યાં સુધી તેનો અમલ ના થાય ત્યાં સુધી તેની કોઈ કિંમત નથી.

– સમયની નાડ પારખો, કારણ કે સમય બદલવાનું શીખવે છે, અટકવાનું નહીં.

– હૃદય રોગનું સૌથી મોટું કારણ જબરદસ્ત યાદશક્તિ છે.


– મન બધા પાસે હોય છે પણ મનોબળ બહુ થોડા પાસે હોય છે.

– મોજને ક્યારેય પેન્ડિંગમાં રાખવી નહીં. કારણ કે સમયનું ક્યારેય રિઝર્વેશન થતુ નથી.

– વજન હંમેશા તોલવાથી જ નહીં, ઘણીવાર બોલવાથી પણ ખબર પડી જાય છે.


– અન્યની ટીકા કરવી સહેલી છે, પરંતુ સુધારણા કરવી અઘરી છે.

નામ : ચિ. અમીતકુમાર કે. ઠાકર ઊંચાઈ : ૫'–૯'' વજન : ૭૦ કિલો
જન્મતારીખ : ૨૨–૦૨–૧૯૮૮ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૦૯.૨૦ સવારે
અભ્યાસ : 12th Pass and First BA, ITI (R & F)
મૂળવતન : નડિયાદ વ્યવસાય : વ્યવસાય
માસિક આવક : રૂ. ૩૫૦૦૦/–
ગોત્ર : કશ્યપ
રાશિ : મેષ
નક્ષત્ર : અશ્વિની
નાડી : –
માતાનું નામ : સ્વ. જ્યોત્સનાબેન ઠાકર
ભાઈ/બહેન : ૧–ભાઈ–પરણિત, બહેન–નથી
પિતાનું નામ : સ્વ. કરૂણાશંકર ઉમીયાશંકર ઠાકર
સરનામું : બી/૪૨૮, રિલાયન્સ ટાઉનશીપ, સેક્ટર–૧, ઉંડેરા ગામની નજીક, તપોવન મંદિર પાસે, વડોદરા
ફોન/મોબાઈલ : ૯૯૯૮૦૦૮૭૩૩





---

નામ : ચિ. હર્ષ ઉપેન્દ્રકુમાર દવે ઊંચાઈ : ૫'–૭'' વજન : ૫૭ કિલો
જન્મતારીખ : ૨૭–૦૪–૧૯૯૬ જન્મસ્થળ : ખેડા જન્મસમય : ૦૬.૫૦ સવારે
અભ્યાસ : એમ.ઈ. (મિકેનીકલ)
મૂળવતન : નરસંડા વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂા. ૬૦૦૦૦/–
ગોત્ર : ઉપમન્યસ
રાશિ : કર્ક
નક્ષત્ર : આશ્લેષા
નાડી : અંત્ય
માતાનું નામ : પારૂલબેન ઉપેન્દ્રકુમાર દવે
ભાઈ/બહેન : ૧–બહેન–પરણિત
પિતાનું નામ : ઉપેન્દ્રકુમાર અરવિંદભાઈ દવે
સરનામું : ૨, કદમનગરી સોસા., રામદેવજી મંદિર પાસે, પીજ રોડ, નડીયાદ, જી.ખેડા
ફોન/મોબાઈલ : ૯૪૨૭૬૧૦૨૪૧, ૯૪૨૭૬૧૦૨૪૨




| | | |
|---|---|---|
| Name | : | Chi. Chirag Madhusudan Pandya |
| Height | : | 5’-8’’ |
| Weight | : | 82 Kg. |
| Birth Date | : | 07-12-1981 |
| Birth Time | : | 05.10 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | MBA-Marketing, Diploma Computer Science, MCSA, CCNA |
| Profession | : | Job + Business |
| Monthly Income | : | 3 to 3.5 Lac / Month |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Nalini Pandya |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Sojitra |
| Father | : | Madhusudan B. Pandya |
| Address | : | 29, Manav Residency, Science City, Road, Sola, Ahmedabad |
| Phone No. | : | 9825912122 (Father) |
| Mobile No. | : | 9925539393 |
| E-mail | : | chiragd2c1981@gmail.com |
| Contact | : | As Above |
| Address | : | As Above |
| Phone | : | As Above |
| Choice | : | Divorced / Unmarried / Widowed |
| Note | : | Should Not Have a Child |
| Gotra | : | Vacchas |
| Nakshatra | : | - |
| Rashi | : | Pisces (Meen) |
| Nadi | : | - |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. પરમ નયનકુમાર પંડ્યા |
| ઊંચાઈ | : | ૫'–૮'' |
| વજન | : | ૯૦ કિલો |
| જન્મ તારીખ | : | ૧૩–૦૧–૧૯૯૩ |
| જન્મ સમય | : | ૦૯.૨૦ સવારે |
| જન્મ સ્થળ | : | વડોદરા |
| અભ્યાસ | : | Ph.D. in Law, NUS - Singapore |
| વ્યવસાય | : | જોબ |
| માસિક આવક | : | રૂ. ૩,૦૦,૦૦૦/– |
| મૂળ વતન | : | હાથજ – નડિયાદ |
| માતાનું નામ | : | નિયતિ નયનકુમાર પંડ્યા |
| ભાઈ/બહેન | : | ૧–બહેન–પરણિત |
| મોસાળ | : | સ્વ. હરિહર બી. ઠાકર–સ્વ. કલાવતી એચ. ઠાકર–ઉમરેઠ |
| પિતા | : | નયનકુમાર જશવંતલાલ પંડ્યા |
| સરનામું | : | સી–૮૫, સહયોગ સોસાયટી, રિફાઈનરી રોડ, ગોરવા, પંચવટી જકાતનાકા પાસે, વડોદરા–૩૯૦૦૧૬ |
| ફોન નં. | : | ૯૪૨૬૩૧૨૭૩૮ |
| મોબાઈલ નં. | : | – |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | નયનકુમાર જશવંતલાલ પંડ્યા |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | ૯૪૨૬૩૧૨૭૩૮ |
| પસંદગી | : | સંસ્કારી, સુશીલ, વિદેશી નાગરીક અથવા વિદેશ સ્થાઈ થવા ઈચ્છુક |
| નોંધ | : | મંગળ–શનિ દોષ નથી |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | પૌનસ |
| નક્ષત્ર | : | ઉત્તરા ફાલ્ગુની |
| રાશિ | : | કન્યા |
| નાડી | : | આધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | ગૌ |
| વર્ગ | : | શ્વાન |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. ઈશાન પંકજકુમાર પંડ્યા |
| ઊંચાઈ | : | ૫’–૪’’ |
| વજન | : | ૭૫ કિલો |
| જન્મ તારીખ | : | ૧૪–૦૫–૧૯૯૯ |
| જન્મ સમય | : | ૦૩.૪૦ બપોરે |
| જન્મ સ્થળ | : | નડીયાદ |
| અભ્યાસ | : | એમ.એસ.સી. ઈન મેનેજમેન્ટ, એમ.બી.એ.–ડેટાએનાલીટીક્સ |
| વ્યવસાય | : | વ્યવસાય |
| માસિક આવક | : | રૂ. ૧ લાખ + |
| મૂળ વતન | : | ખેડા |
| માતાનું નામ | : | હિરલબેન પંકજકુમાર પંડ્યા |
| ભાઈ/બહેન | : | ૧–બહેન–અપરણિત |
| મોસાળ | : | પ્રવિણાબેન શશીકાન્ત દવે – વિદ્યાનગર |
| પિતા | : | પંકજકુમાર નાનાલાલ પંડ્યા |
| સરનામું | : | ૧૦૪, પદ્માવતી કોમ્પલેક્ષ, નગરપાલિકાની બાજુમાં, નાના બજાર, વિદ્યાનગર |
| ફોન નં. | : | – |
| મોબાઈલ નં. | : | ૯૯૭૪૦૧૪૯૧૨ |
| ઈ–મેઈલ | : | ishanpandya14@gmail.com |
| પિતા | : | પંકજકુમાર નાનાલાલ પંડ્યા |
| સરનામું | : | ૧૦૪, પદ્માવતી કોમ્પલેક્ષ, નગરપાલિકાની બાજુમાં, નાના બજાર, વિદ્યાનગર |
| ફોન નંબર | : | ૯૯૭૪૦૧૪૯૧૨ |
| પસંદગી | : | સંસ્કારી, મિલનસાર સ્વભાવ, ગુણવાન, દેખાવડી |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | શાંડિલસ્ય |
| નક્ષત્ર | : | ભરણી |
| રાશિ | : | મેષ |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | ગજ |
| વર્ગ | : | મૃગ |



# શું કોઈએ ક્યારેય સ્ત્રીઓની બુદ્ધિનો અભ્યાસ કર્યો છે ?

શું કોઈએ ક્યારેય સ્ત્રીઓની બુદ્ધિનો અભ્યાસ કર્યો છે જે વર્ષોથી ભારતના દરેક ઘરમાં સવાર–બપોર–સાંજ, સોમવાર થી રવિવાર, દરરોજ બનતી ભાજી–દાળ–ચટણી–ઉસલ વગેરે અને લાડુ ચેવડો, મીઠાઈઓ, પકવાન વગેરે બનાવે છે ?

સાચું કહું તો, કુદરતે આ બુદ્ધિ માપવા માટે કોઈ મશીન બનાવ્યું નથી. કારણ કે તે એટલું વિશાળ, એટલું ઊંડું અને એટલું સૂક્ષ્મ છે કે માણસો તેને માપવાની ક્ષમતા ધરાવતા નથી.

રસોડું ફક્ત વાસણોનો સમૂહ નથી તે ચાલતી, બોલતી પ્રયોગશાળા છે. તળવા માટે કેટલું તેલ ? કેટલી હિંગ, કેટલા મસાલા, કેટલી હળદરનો ભૂકો કરવો જોઈએ ?

– આ ગણિતની કળા છે

ગેસ વધુ કે ઓછો, કયો ખોરાક રાંધવો ? કોણ જીતે છે ? વાસણ ક્યાં છે અને તપેલી ક્યાં છે ?

– આ ભૌતિકશાસ્ત્ર છે!

તાપમાનનો ખેલ !

ખોરાક ક્યારે રાંધવામાં આવે છે તે કેવી રીતે જાણવું ?

– આ અવલોકનનું શિખર સ્તરનું કૌશલ્ય છે !

એક સમયે ૪ ખોરાક અને તે પણ સમયસર.

– આ વ્યવસ્થાપનની ડિગ્રી છે!

દૂધ ગરમ થઈ રહ્યું છે, કૂકરની સીટીનો સમય, તેલનું તાપમાન, ચા ઠંડી ન થાય તેની ખાતરી કરવી.

– આ મલ્ટિટાસ્કિંગનું શિખર છે !

મીઠું, ખાંડ ફક્ત એક ચપટી હાથથી માપવું. આ ઇનબિલ્ટ છે.

ઋતુ અનુસાર ખોરાક કેટલો સમય ચાલશે તેનો અંદાજ. આ ફક્ત એક અનુભવ નથી, પણ એક અલગ વિજ્ઞાન છે !

રસોઈ એ માત્ર એક કૌશલ્ય નથી તે પ્રેમ અને જવાબદારીનો સંપૂર્ણ સંગમ છે.

ભલે તમારી પાસે શિક્ષણ ન હોય, ભલે તમારી પાસે ડિગ્રી ન હોય, ભલે તમને અંગ્રેજી ન આવડતું હોય રસોડું ચલાવતી સ્ત્રી દુનિયાના કોઈપણ મેનેજરથી ઓછી નથી. કદાચ વધુ!

ફક્ત એક દિવસ માટે તટસ્થ રીતે જુઓ. તમારા પોતાના રસોઈ પર કે ઘરે સ્ત્રી પર તમને ખ્યાલ આવશે કે આ કળા એક દૈનિક કૌશલ્ય છે,

એક દૈનિક બલિદાન, અને એક દૈનિક ચમત્કાર ! ???

ત્રણ વખત તાજો, ગરમ, સ્વાદિષ્ટ ખોરાક મેળવવો એ માત્ર "ભોજન" નથી તે તમારા ઘરમાં ભગવાનની ભેટ છે !

તો જમતા પહેલા ઓછામાં ઓછું એક વાર તમારા હૃદયના ઊંડાણથી કુદરતે આપેલી આ “રસોડા દેવી”નો આભાર માનો. કારણ કે તે બુદ્ધિ, તે ધીરજ, તે પ્રેમની શક્તિ. કોઈપણ પરીક્ષામાં શીખવી શકાતી નથી.

## आज की कहानी:- सुनहरा हंस और सुखी दरिद्र

*बहुत समय पहले की बात है, एक हिमालय की तराई में एक अत्यंत निर्धन व्यक्ति रहता था । उसका नाम 'सोमदत्त' था । सोमदत्त के पास न तो धन था और न ही कोई परिवार, फिर भी वह एक अनोखे स्वभाव का व्यक्ति था - वह अपनी टूटी झोपड़ी में भी हमेशा मुस्कुराता रहता और दूसरों की मदद करता ।*

*एक दिन, उसकी दयालुता से प्रसन्न होकर एक सुनहरा हंस उसके पास आया । उस हंस के पंख शुद्ध सोने के थे। हंस ने कहा, "सोमदत्त, तुम्हारी निस्वार्थ भावना देखकर मैं तुम्हें प्रतिदिन अपना एक सोने का पंख दूँगा, ताकि तुम्हारी गरीबी दूर हो जाए ।"*

*सोमदत्त ने कहा, "हे पक्षी राज! मुझे धन की लालसा नहीं है, लेकिन यदि आप देना चाहते हैं, तो मैं इसे स्वीकार करूँगा और इससे दूसरों की भूख मिटाऊँगा ।"*

*चुनौती और परीक्षा -महीनों बीत गए। सोमदत्त अमीर हो गया, लेकिन उसने अपने लिए केवल एक नया कुर्ता खरीदा और बाकी सारा धन गांव के अनाथों और बीमारों में बाँट दिया। यह देखकर हंस को आश्चर्य हुआ। उसने सोचा, "क्या दुनिया में कोई ऐसा भी हो सकता है जिसे सोने का मोह न हो?"*

*हंस ने सोमदत्त की परीक्षा लेने का निर्णय लिया। अगले दिन जब सोमदत्त सोकर उठा, तो उसने देखा कि सोने के पंख की जगह वहां एक लोहे का पंख पड़ा था।*

*गांव वाले सोमदत्त का मजाक उड़ाने लगे, "देखो, तुम्हारी किस्मत बदल गई! अब हंस तुम्हें लोहा दे रहा है।" लेकिन सोमदत्त बिल्कुल भी दुखी नहीं हुआ। उसने उस लोहे के पंख को भी उतने ही सम्मान से उठाया और उससे खेती के औजार बनवाकर गरीब किसानों को दे दिए।*

*अगले दिन वहां मिट्टी का पंख मिला। सोमदत्त ने उससे सुंदर मूर्तियाँ और बर्तन बनवाकर कुम्हारों की मदद की।*

### अंतिम सत्य

*अंत में, हंस पुनः प्रकट हुआ और पूछा, "सोमदत्त, जब मैंने तुम्हें सोना दिया, तुम तब भी खुश थे। जब मैंने लोहा और मिट्टी दी, तुम तब भी विचलित नहीं हुए। ऐसा क्यों ?"*

*सोमदत्त ने विनम्रता से उत्तर दिया*

*"हे मित्र ! मूल्य पंख की धातु में नहीं था, मूल्य उस भाव में था जिसके साथ आपने उसे दिया और उस उपयोग में था जो मैंने उसका किया। सोना हो या मिट्टी, अगर वह किसी के काम आ सके, तो वह अनमोल है ।"*

*हंस अत्यंत प्रभावित हुआ और उसने सोमदत्त को जीवन भर का सुख-समृद्धि का आशीर्वाद दिया ।*

### कहानी की शिक्षा

*यह कहानी हमें सिखाती है कि परिस्थितियाँ (सोना, लोहा या मिट्टी) हमारे वश में नहीं होतीं, लेकिन उन परिस्थितियों के प्रति हमारा दृष्टिकोण ही हमारे वास्तविक चरित्र और सुख का निर्धारण करता है। संतोष सबसे बड़ा धन है ।*

---

## જીવનના રંગ

વર્ષોથી શિક્ષક તરીકે નોકરી કરી રહેલા વ્યાસ સાહેબને નિવૃત થયાને ઘણા વર્ષો થઈ ચુક્યા હતા. સંતાનમાં તેઓને બે દીકરા અને એક દીકરી હતી, ત્રણેય સંતાનના લગ્ન થઈ ચૂક્યા હતા. બંને દીકરાઓ પણ સારી જગ્યાએ નોકરી કરી રહ્યા હતા અને દીકરીનું ઘર પણ અત્યંત સુખી હતું.

ઘણી વખત તેના દીકરાઓ તેને કહેતા કે તમે ઘર ચલાવવા માટે અમારી પાસેથી પૈસા લઈ લો પરંતુ વ્યાસ સાહેબ પોતાની પાસે દર મહિને આવતા પેન્શનમાંથી જ ઘર ચલાવતા. આજે ચોથી તારીખ અને સોમવાર હતો એટલે પોતાના ખાતામાં પેન્શન જમા થઈ ગયું હશે એમ વિચારીને ઝડપથી તૈયાર થઇ ગયા.

બેંકનું બધું સાહિત્ય અંદર મૂકી આખી થેલી સાથે લઈને વ્યાસ સાહેબ આજે વહેલા ઘરેથી નીકળી ગયા, જતાં જતાં હોલમાં બેસેલા ધર્મપત્નીને પણ કહેતા ગયા કે હું આજે બેંકમાં જાઉં છું. આવતા કદાચ વહેલું મોડું થઈ જશે. પત્નીએ કૅલેન્ડર તરફ નજર કરી તરત જ ચાર તારીખ દેખાય એટલે પત્ની પણ સમજી ગયા કે પેન્શન માટે જાય છે અને કાયમ તેઓને આવતા મોડું થઈ જતું.

જતાં જતાં રસ્તામાં વિચારતા હતા કે બેંકમાં કોઈ સારા ઓફિસર હોય તો સારું. નહીંતર દર વખતની જેમ આજે પણ મારે કલાકો સુધી રાહ જોવી પડશે અને જાણે કોઈ મફતમાં આપતું હોય એ રીતે પૈસા આપશે.

વ્યાસ સાહેબનો ગુસ્સો તેના મનમાંથી છલકાતો હતો, આ અત્યારના જુવાનિયાઓને સરકારી નોકરી મળી જાય એટલે બસ પછી તેને જેમ કામ કરવું હોય તેમ કરે ! પછી મારા જેવા વૃદ્ધ માણસ હેરાન થાય તેનાથી તેઓને કોઈ જ ફરક નથી પડતો કે દયા પણ આવતી નથી. મનમાં ગુસ્સો આવી રહ્યો હતો અને સાથે સાથે રિક્ષામાં બેસીને બેંક આવે તેનું ધ્યાન પણ રાખી રહ્યા હતા.

બેંક આવી એટલે સાહેબ ત્યાં ઉતરી ગયા અને બરાબર દસ વાગ્યે બેન્ક માં અંદર જતા રહ્યા, એક ફોર્મ ભરીને એક ખાલી જગ્યા મળી ત્યાં જઈને ખુરશી ઉપર બેસી ગયા. સોમવારનો દિવસ હતો એટલે બેંકમાં ભીડ ઘણી હતી, થોડી ભીડ ઓછી થાય તેની રાહ જોઈને વ્યાસ સાહેબ ખુરશી પર બેસી ગયા હતા.

વ્યાસ સાહેબની નજર વારંવાર ઘડિયાળના કાંટા ઉપર જતી હતી, ભીડ ઓછી થાય તો પોતે જાય. એવામાં અચાનક એક માણસ તેની પાસે આવે છે તેનો પહેરવેશ જોઈને વ્યાસ સાહેબ સમજી ગયા કે એ બેંકમાં કામ કરી રહેલ પટાવાળા ભાઈ હશે. તેની પાસે આવીને એ પટાવાળા ભાઈએ વ્યાસ સાહેબને નમ્રતાથી કહ્યું કે દાદા તમે અંદર મેનેજરની કેબીનમાં આવો અમારા મેનેજર સાહેબ તમને બોલાવે છે.

વ્યાસ સાહેબ ને થોડું અજુગતું લાગ્યું અને મનમાં કુતૂહલ પણ થયું. મનમાં કુતૂહલ સાથે તેઓ મેનેજરની કેબીનમાં પહોંચી ગયા, કેબિનમાં ગયા એટલે મેનેજરે બેસવા માટે ઈશારો કર્યો, સાહેબ બેઠા એટલે મેનેજર તેની જગ્યાએથી ઉભો થઈ સાહેબના પગે પડી ગયો અને કહ્યું સાહેબ, તમે બેંકમાં શું કામથી આવ્યા છો ? અને મારી ઓળખાણ પડી ?

સાહેબ હજુ આશ્ચર્યમાં જ હતા અને તેને જવાબમાં કહ્યું કે હું બેંકમાં મારા પેન્શન ના જમા થયેલ રૂપિયા ઉપાડવા માટે આવ્યો છું. પરંતુ માફ કરો તમારી ઓળખાણ ન પડી, તમે કોણ ?

મેનેજર સાહેબ પાસેથી સહી કરાવીને તરત જ પટાવાળાને કાગળ આપીને કહ્યું કે સાહેબનું કામ ઝડપથી પહેલા પતાવી આપો અને મારા તેમજ સાહેબ માટે ચા લઇ આવો. પટાવાળા બહાર ગયા એટલે મેનેજરએ સાહેબને કહ્યું કે સાહેબ હું જય સોલંકી, હું સ્કૂલમાં ભણતો ત્યારે તમે મારા શિક્ષક હતા.

ગણિતમાં મને ઓછી સમજણ પડતી અને મને ગણિત સમજાતું જ નહીં પરંતુ એ સમયે તમે મને મફતમાં ટ્યુશન કરાવ્યું હતું અને જેના લીધે હું ગણિતમાં ધીમે ધીમે હોશિયાર થવા લાગ્યો અને આજે તમારો એ જ વિદ્યાર્થી બેંકમાં મેનેજર થઈ ગયો છે. એક અઠવાડિયા પહેલાં જ મારી અહીં બદલી થઈ છે. ગમે ત્યારે બેંકનું કોઈ પણ કામ હોય તો મને તુરંત જણાવજો.

એક વિદ્યાર્થી અને શિક્ષક આજે ભેગા મળીને વર્ષો જૂની વાતોને વાગોળીને એક પછી એક જૂની વાતો કરી રહ્યા હતા એવામાં પટાવાળા ભાઈ પણ સાહેબના પૈસા અને ચા લઈને આવી ગયા. ચા પીધા પછી ફરી પાછી થોડી વાર વાતો કરી અને પછી વ્યાસ સાહેબ બેંકમાંથી નીકળીને ફરી પાછા ઘરે જવા માટે નીકળી ગયા.

ઘરે જતાં જતાં વ્યાસ સાહેબ ના મનમાં વિચાર આવતા હતા કે હું આ નવી પેઢીના છોકરાઓ માટે જેવું વિચારતો હતો, તેનાથી બિલકુલ વિરુદ્ધ અનુભવ મને આજે થયો. સાથે જ મનમાં બીજો પણ વિચાર આવ્યો કે ભલે પૈસા માટે આખી જિંદગી નોકરી કરી અને પૈસા કમાયા પણ ખરા પણ પૈસા કમાવવા માટે જે કર્મ કર્યું તે સમાજના બાળકોને સાચે રસ્તે ચાલવા માટેની પ્રેરણા અને બધા બાળકો હોશિયાર બને તેના માટે કાર્ય કર્યું છે. આજે હું મારા વિદ્યાર્થીને ઓળખી ના શક્યો પરંતુ આટલા બધા વર્ષો પછી પણ તે મને તરત જ ઓળખી ગયો.

આજે જમાનો ગમે તેટલો બદલી જાય પણ એક શિક્ષક ની ઓળખાણ કોઈ બદલી નહિ શકે એ વાત નો વ્યાસ સાહેબ ને ખુબ જ આનંદ હતો.

આપણને પણ શિક્ષક હોવાનો આનંદ અને ગર્વ હોવો જોઈએ.

–અજ્ઞાત.

## જોઈએ છે ?

શહેરની મધ્યમાં આવેલા, મુખ્ય રસ્તા પર છાંયડો વૃદ્ધાશ્રમની બહાર ફૂટપાથ પર, ઝાડની નીચે એક વૃધ્ધ દંપતી બેઠું હતું. સાથે થોડો ઘરનો સામાન બે પ્લાસ્ટિકના ડબ્બામાં દાળ અને ચોખા હતા. એક જુની પેટીમાં બન્નેના કપડાં હતા.

એક પતરાના કટાઈ ગયેલા ડબ્બા પર જોઈએ છે ? લખ્યું હતું આવતા જતા લોકો વાંચતા હતા. હસતા હતા અને જતા રહેતા.

બપોરના સમયે એક મર્સિડિઝ ત્યાંથી પસાર થતી હતી. એના માલિકે અંદરથી ડબ્બા પર લખેલું વાંચ્યું અને કુતૂહલથી પ્રેરાઈને ડ્રાઈવરને ગાડી રિવર્સમાં લેવા કહ્યું એ હતો બત્રીસ વરસનો, શહેરનો નામાંકિત, બાહોશ એડવોકેટ નિરંજન પંડ્યા. જાજરમાન વ્યક્તિત્વનો એ યુવાન ગાડીમાંથી નીચે ઉતરી ઝાડ નીચે પેલા વૃધ્ધ દંપતી પાસે ગયો.

જય શ્રી કૃષ્ણ વડીલ કહીને ફૂટપાથ પર બેસી ગયો.

વૃધ્ધ પુરુષે ઊંચું જોયું અને બે હાથ જોડી જય શ્રીકૃષ્ણ કહ્યું.

માજી પણ બોલ્યા દીકરા જય શ્રી કૃષ્ણ.

નિરંજને પૂછ્યું, વડીલ આ જોઈએ છે ? એટલે શું ?

આટલું પૂછ્યું ત્યાં તો બન્ને વૃધ્ધોના આંખોમાંથી ટપ ટપ આસું સરવા માંડ્યા. નિરંજને મન હળવું કરવા રડવા દીધા.

વૃધ્ધ બોલ્યા, "દીકરા એકનો એક દીકરો વિધાતાએ છીનવી લીધો, ભાડાનું ઘર મકાન માલિકે ખાલી કરાવ્યું. અહીં આ વૃદ્ધાશ્રમમાં આશરો મળશે એ આશાએ આવ્યા પણ મહિને બન્ને જણના ચાર હજાર રૂપિયા ભરવાના ક્યાંથી લાવું ? એટલે અહીં બહાર બેસી ડબ્બા પર ચીતર્યું કે કોઈને માબાપ જોઈએ છે ? દીકરા મા બાપ તો ખાલી કહેવા ખાતર, બાકી અમે બંને ઘરનું બધું કામ કરીશું. ને માજી મોઢે સાડલાનો ડૂચો દબાવી આંખો નિતારી રહ્યા.

નિરંજનની આંખો અને હૃદય ભરાઈ આવ્યું. એણે કહ્યું બાપુ અત્યાર સુધી એવું સાંભળ્યું છે કે નિ:સંતાન મા–બાપ બાળકોને દત્તક લે છે. હું તમને મા–બાપ તરીકે દત્તક લઈ નવો ચીલો ચીતરીશ પણ બીજું પણ કંઈ જોઈએ છે તમારી પાસેથી." વૃદ્ધ બોલ્યા, દીકરા જો આ અમારો અસબાબ અહી જ પડ્યો છે એ સિવાય બીજું કંઈ નથી.

નિરંજન માજી પાસે ગયો. બન્ને હાથમાં માજીનું મોં પકડી બોલ્યો, "મા તારી મમતાનો, તારા પાલવનો મીઠો છાંયો મને જોઈએ છે એમ કહીને માજીએ ઓઢેલી, ફાટેલી, મેલી સાડીનો પાલવ માથે મૂક્યો અને બોલ્યો, "બાપુ તમારી લાગણીના ભીના સ્પંદનો મને જોઈએ છે. બોલો આપશો ?" બોલતા બોલતા બન્નેને ભેટી પડ્યો. આંખોમાં લાગણીઓના ઘોડાપૂર ઉમટી

રહ્યા હતા.

વૃધ્ધ આ કળિયુગના શ્રવણને જોઈ રહ્યા. માજીએ ખીચડી બનાવી હતી. એક તૂટેલી રકાબીમાં લઇને નિરંજનને આપી. પ્રસિધ્ધ એડવોકેટ ખીચડી એ રીતે ખાઈ રહ્યો જે રીતે કૃષ્ણએ સુદામાના તાંદુલ ખાધા હતા.

નિરંજને બન્ને જણને ગાડીમાં બેસાડ્યા. બધો સામાન માજીને પૂછીને વૃદ્ધાશ્રમમાં આપી દીધો પણ જોઈએ છે ? લખેલો પતરાનો ડબ્બો ડિક્કીમાં મૂકી દીધો.

એક આલીશાન બંગલા પાસે ગાડી ઉભી રહી. બન્ને જણના હાથ પકડી ગાડીમાંથી નીચે ઉતાર્યા અને બહારથી જ બૂમ પાડી. ગુંજા ઓ ગુંજા જો કોણ આવ્યું છે ? અને નિરંજનની પત્ની બહાર આવી. બન્ને વડીલોને જોયા. કંઈ પણ પૂછ્યા વિના સૌથી પહેલા પગે લાગી. હાથ પકડી અંદર લઈ ગઈ.

નોકર પાણી લઈ આવ્યો. નિરંજને ગુંજાને બધી વાત કરી. ગુંજા અને નિરંજને કહ્યું, આજથી તમે અમારા માતાપિતા છો. અમે તમને મા ને બાપુ કહીશું અને હા તમે અમારા ઘરમાં નહિ પણ અમે તમારા ઘરમાં રહીએ છીએ. આ ઘર તમારું છે. બન્ને વૃદ્ધોની આંખોમાં ચોમાસુ બેઠું હતું. 'સદા સુખી રહો' કહી બન્નેને આશીર્વાદ આપ્યા.

સમય વીતવા લાગ્યો. બે વરસ થઇ ગયા.

દિવાળીના દિવસો ચાલી રહ્યા હતા. ઘર દીવડાઓ અને લાઈટિંગથી શોભી રહ્યું હતું. માજી દરરોજ નવી રંગોળીથી ઘરને સજાવતા હતા. દિવાળીના દિવસે ઘરમાં બનાવેલા મંદિરમાંથી પૂજા કરી મા બાપુ બહાર આવ્યા અને ચા પીવા બેઠા ત્યારે ડાઇનિંગ ટેબલ પર બે વરસ પહેલાંનો જોઈએ છે ? - લખેલો પતરાનો ડબ્બો જોયો.

સામે નિરંજન અને ગુંજા બન્ને મા-બાપની સામે જોતા બેઠા હતા. મા એ પૂછ્યું, બેટા આ શું છે ? આ તો પેલો અમારો ડબ્બો !

નિરંજનના બાપુ બોલ્યા બેટા આ જોઈએ છે ? એટલે શું ?

નિરંજન ઊઠયો અને મા બાપુ પાસે ગયો ને બોલ્યો, મા બાપુ આ તમારી વહુ પૂછે છે કે તમને પૌત્ર કે પૌત્રી જોઈએ છે ? ને ગુંજા શરમાઈ ગઈ.

માજી ઊઠ્યાને ગુંજાને માથે હાથ મૂકી આશિર્વાદ આપતા કહ્યું, હા અમારે દાદા - દાદી બનવા સરસ મજાની તારા જેવી ઢીંગલી જોઈએ છે. ઘરમાં બધાનો ખડખડાટ હાસ્યનો પડઘો પડી રહ્યો.

માજીએ કહ્યું, વહુ કાલથી નવું વરસ શરૂ થાય છે. આવતા વર્ષે તો આપણું ઘર બાળકની કિલકારીઓથી ગુંજતું હશે. આપને બધા સાંજે ઇશ્વરનો આભાર માનવા દેવદર્શને જઈશું. નિરંજન અને પૂજાએ હા કહ્યું અને બન્ને વૃદ્ધો આકાશ સામે મીટ માંડીને પૂછી રહ્યા. હે નિયતિ અકળ છે તારી ગતિ.

**- રીટા મેકવાન "પલ" (સુરત)**

# માનો ખોળો

ઓફીસની સામે પરસાળનાં પ્રથમ પગથિયે જ એક મર્સિડીઝ કાર બ્રેક મારીને ઉભી રહી ગઇ. છોડને પાણી પાતાં પાતાં પચાસેક્ની વયે પહોંચેલા શ્રવણે સહેજ ઉંચા થઇને ચશ્માની દાંડી ઉપર કરી તે તરફ જોયું.

તે ગાડીનો યુનિફોર્મ પહેરેલો ડ્રાઇવર પહેલા ઉતર્યો અને ગાડી ચાલુ રાખીને જ પાછળનો જમણી તરફનો દરવાજો ખોલ્યો.

સૌ પહેલા હાઇ હીલ અને ઉંચી બ્રાન્ડની સેન્ડલવાળો પગ અને તેની સાથે સુખ સાહ્યબી લાગે તેવા મોંઘા પરફ્યુમની સુવાસ બહાર નીકળી અને પછી એક સુંદર દેહાકાર ધરાવતી અને બ્યુટી શબ્દને પણ હંફાવી દે તેવી સ્ત્રી બહાર આવી.

શ્રવણ સામે જોઇને તેને હળવા ઇશારાથી કહ્યું, 'મારે અહીંના મુખ્ય સંચાલક મિ. શ્રવણ શ્રીધરને મળવું છે.'

'હા હું જ છું, શ્રવણ શ્રીધર આવો ઓફીસમાં શ્રવણે પોતાના કપડા પર ચોટેંલી માટી ઉખેડતા કહ્યું.

'શું લેશો ? ચા-કોફી કે ઠંડુ !' પાણી પછી શ્રવણે વિવેક કર્યો.

કંઇ નહી થેંક્સ માનો ખોળો તમારી સંસ્થાનું નામ અદ્ભૂત છે તેને પોતાની વાત શરૂ કરી.

'હા અમે અહીં નિરાધાર, લાચાર, રોગીષ્ઠ અને જરૂરિયામંદ માના ઘડપણનો ટેકો બનવાનો પ્રયત્ન કરીએ છીએ !' શ્રવણે સૌજન્યતાપૂર્વક જવાબ વાળ્યો.

પછી થોડીવાર શાંતી પથરાઇ ગઇ.

'આપનો આ સંસ્થાની મુલાકાત લેવાનો હેતુ ?' શ્રવણે તેની સામે જોઇને કહ્યું.

પણ તે થોડીવાર ખમોશ રહી.

'જો તમે અમને સમજી શકશો. મારુ નામ નિધી છે. હું અહી મારી મધર ઇન લો ને મુકવા આવી છું !' અને ત્યારે જ તેના પર્સમાંથી મોબાઇલની રીંગ વાગી.

ખૂબ જ મોંઘા ફોન પર સાવ હળવેથી તેને આંગળી ફેરવી અને સામેથી આવતા અવાજની પરવા કર્યા વિના બોલી, 'હા, ધ્રુવ હું અહીં પહોંચી ગઇ છું. તું ચિંતા ન કરીશ. માને સારુ છે. અહીં જગ્યા પણ ઘણી સારી છે. બસ અમારી મીટીંગ પુરી થાય એટલે તને ફોન કરુ છું.' અને તેને ફોન કટ કરી દીધો.

શ્રવણ હવે બધુ સમજી ચુક્યો હતો.

'આ રહ્યું ફોર્મ તમે વિગત ભરી દેશો આ ખોળો ખૂબ વિશાળ છે. ગરીબ કે અમીર બધાને અહીં આશરો મળશે ચિંતા ન કરશો.' શ્રવણે માર્મિક ટકોર સાથે ફોર્મ તેની સામે ધર્યું.

'જુઓ તમે સમજો છો તેમા થોડો ફર્ક છે. અમે ફેમિલીમાં હું મારો હસબન્ડ ધ્રુવ અને મારી મધર ઇન લો અમે ત્રણ જ વ્યક્તિ છીએ. અમારે બન્નેને જોબ છે અને બે વર્ષ માટે અમેરિકા જવાનું છે. અમે થોડા મહિનાઓમાં ત્યાં સેટ થઇશું પછી તેને પણ ત્યાં બોલાવી લઇશું. મારી મધર ઇન લો હાઇ કોર્ટમાં જજ રહી ચુક્યા છે. બે વર્ષ પહેલા તેને અચાનક બીપી વધવાથી બ્રેન સ્ટ્રોક આવેલો ત્યારથી તે લકવાની હાલતમાં છે, તે બોલી નથી શકતી. તેની એક

પણ ક્રિયા પર તેનો કંટ્રોલ નથી એટલે અમે પરદેશમાં તેને શરુઆતમાં નહી સાચવી શકીએ. એક તરફ અમારું કેરીયર અને બીજી તરફ મમ્મીની આવી હાલત ! જો કે ધ્રુવ તો તૈયાર નહોતો. પણ મારે તેને ઘણો સમજાવવો પડયો અને તમારી સંસ્થા વિશે ખૂબ સર્ચ કરીને પછી જ અમે આ નિર્ણય પર આવ્યાં છીએ ! હા, તમે પૈસાની સહેજપણ ચિંતા કરતા નહી. મમ્મી માટે અમે દરેક કિંમત ચુકવી દઇશું ! નિધીએ પોતાની વાતની સાથે ફોર્મ ભરીને પણ આપી દીધું.

'ધ્રુવ સરસ નામ છે મારી મા ને પણ આ નામ ખૂબ ગમતું હતું !' શ્રવણે ફોર્મ તપાસતા કહ્યું. – 'જો કે શ્રવણ નામ પણ દરેક માને ગમે તેવું જ છે હોં !' નિધીએ પણ સામે ઉત્તર વળ્યો.

'હા શ્રવણ ખાલી નામ નહી. આ શ્રવણ જેવો દિકરો પણ બધી મા ને ગમે !' એક ખૂબ વૃધ્ધ દાદી ઓફીસમાં લાકડીના ટેકે ટેકે પ્રવેશ્યા.

શ્રવણ માજીને જોઇને તરત ખુરશી પર ઉભો થયો અને તેમની તરફ ચાલ્યો. મા, કેમ અત્યારે ઓફીસમાં તું આરામ કરને !

'ઓહ તો આ તમારા મમ્મી છે. વાઉ સો ક્યુટ બા તમે ઘરડા ભલે હો પણ મજબુત લાગો છો.' નિધીએ બાને પ્રણામ કર્યા.

'સુખી રહે ! આ તો શ્રવણ જેવા છોકરા હોયને તો રોજે રોજ પાશેર લોહી વધે હોં. બાએ પણ આશીર્વાદની સાથે શ્રવણના વખાણ કર્યા.

'તમને આ માનો ખોળો જેવી સંસ્થા શરુ કરવાની પ્રેરણા પણ માજીમાંથી જ મળી હશે, ખરુને ?' નિધીએ માની આંખોમાં આંખો પરોવીને કહ્યું.

શ્રવણ અને મા બન્ને એકમેકની સામે જોઇ રહ્યાં.

એવામાં ડ્રાઇવર દોડતો દોડતો આવ્યો. 'મેડમ, માજીએ ગાડીમાં ઉલ્ટીઓ શરુ કરી છે. શું કરું ?'

'અરે હજુ તો કાલે જ કાર સર્વિસ કરાવી છે. તેમને જલ્દી બહાર લઇ આવ !' નિધીના શબ્દોથી શ્રવણને મર્સિડીઝ અને મા બન્નેમા કિંમતી શું છે તેનો અંદાજ આવી ગયો.

જો કે ત્યારે જ બાજુમાં ઉભેલા બા માં એકાએક અજબની સ્ફુર્તિ આવી હોય તેમ દોડ્યા અને તે ગાડી પાસે પહોંચી ગયા.

કારમાં કોઈ સ્ત્રી ઉલ્ટી કરી રહી હતી. કારની સીટ ન બગડે એ માટે ઘરડાં બા એ તે સ્ત્રીની સામે પોતાનો ખોળો પાથરી દીધો.

તે સ્ત્રીએ ફરીથી બે થી ત્રણ એક્દમ દુર્ગંધિત ઉલ્ટી મા ના ખોળામાં કરી. મા તેના પીઠ પર હાથ ફેરવવા લાગી. તેને થોડુ ઠીક થયું એટલે તેને પોતાની નજર ઉંચી કરી.

બન્નેની નજર મળતાં જ પચ્ચીસ વર્ષ પહેલાના જુના સંબંધોનો ઇતિહાસ ખડો થઇ ગયો !

આજથી પચીસ વર્ષ પહેલા આવી જ ઘટના બની હતી. ત્યારે આ બન્ને સ્ત્રીઓ વચ્ચે સાસુ અને વહુનો સબંધ હતો.

જો કે આજે ઉલ્ટી કરવાવાળી અને સાફ કરનાર વ્યક્તિના સ્થાન બદલાઇ ગયા હતા.

પચ્ચીસ વર્ષ પહેલા શ્રવણની મા અતિશય બિમાર રહેતા. એક દિવસ શ્રવણની પત્ની સુરભીનાં ખોળામાં બા થી અચાનક જ ઉલ્ટી થઇ ગઇ હતી અને સુરભીએ તો રીતસરનું યુધ્ધ આરંભી દીધું હતું. 'જો સાંભળી લે શ્રવણ હું અહીં સાસરે આખી જિંદગી મમ્મીની સેવા કરવા આવી નથી. હું કંટાળી ગઇ છું. તારુ નામ જેને પણ રાખ્યું છે તે બરાબર જ છે. તારે બસ, બાની સેવા જ કરવાની હું ત્રાસી ગઇ છું. આ માત્ર આજની વાત નથી. લગ્ન થયા છે ત્યારથી જ તને આ ઘરમાં ફક્ત તારી મા જ દેખાય છે. હું તો આ ઘરમાં કેમ આવી છું તે જ નથી સમજાતું ! લગ્ન પછી સાત વર્ષમાં એકે'ય રાત ક્યાંય બહાર ફરવા નથી લઇ ગયા. હોટલમાં જઇએ તો પહેલાં ઘરે માની રસોઇ કરવાની અને પછી તેને જમાડીને જ જવાનું. અરે મારી ઓફીસની એકે'ય પાર્ટીમાં તું આવ્યો છે ખરો ! મારી કારકીર્દી કાંઇ આમ વૈતરુ કરવામાં કાઢી નાખવાની નથી. તું જ નક્કી કરી લે તારે પત્ની જોઇએ કે મા !'

જીવનના આ તબક્કે શ્રવણ જેવા દિકરાએ મા ને પસંદ કરી હતી. તે સમયની બાહોશ વકીલ સુરભી પતિ સામેનો કેસ જીતી ગઇ અને પોતાના દિકરા ધ્રુવને લઇને કાયમ માટે ચાલી ગઇ હતી.

જ્યારે શ્રવણે પણ પોતાની સઘળી સંપતિ વેચીને બધાથી દુર નાનક્ડો આશ્રમ કરીને માની સેવામાં લાગી ગયેલો. જે આશ્રમને સૌ 'માનો ખોળો' તરીકે જ ઓળખતા. જેમની ઉલ્ટીઓથી સુરભીને સુગ હતી. તેમના ખોળામાં જ આજે પોતે ઉલ્ટીઓ કરી રહી હતી.

'બેટા, સુરભી !' મા ની આંખોમાંથી પ્રેમ વહી રહ્યો હતો.

તેની હાલત લકવાગ્રસ્ત હતી. તે બોલી શક્તી નહોતી પણ તે ગાડીમાં જ માને વળગી પડી અને તેની બન્ને આંખોમાંથી સતત આંસુઓનો ધોધ વહેવા લાગ્યો. માએ સાડીના ચોખ્ખા છેડેથી તેનું મોં બરાબર સાફ કર્યુ.

નિધિ તરત જ નજીક આવી અને બોલી, 'અરે, મા તમારો ખોળો બગડી ગયો છે. સોરી, મારી મા ને ખબર જ નથી પડતી કે ! તમારા ખોળામાં ખૂબ વાસ આવે છે. હું તમને પરફ્યુમ લગાવી દઉં !'

મા એ નિધિને રોકતા કહ્યું, જો દિકરા નિધિ આ માનો ખોળો છે. અહીં તો દિકરા દિકરી વહુ કે કોઇપણની દુર્ગંધ મારતી ઉલ્ટી હોય કે ખુશીઓની કિલકિલારી બાળકોની ટપકતી લાળ હોય કે નાકની લીંટ દિકરા-દિકરીનુ સુખ હોય કે દુ:ખ સૌનું એકસરખું સ્થાન છે ! માનો ખોળો તો આ બધી સુગંધોથી ભરેલું રહે એ જ માને મન સૌથી મોંઘુ અને મનપસંદ પરફ્યુમ છે. અને મા એ પોતાની વહુને પોતાના ખોળામાં સમાવી લીધી.

શ્રવણ પણ દુરથી મા ના વ્હાલસોયા ખોળાની ભવ્યતા જોઇને બંધ આંખે રડી ગયો.

સ્ટેટસ

સાગરથી પણ છે જેનો પટ પહોળો,
એવુ સ્થાન તો એક જ છે, 'માંનો ખોળો.'

## હૃદયસ્પર્શી – અભિમાન અને પશ્ચાતાપ:

મુંબઈના કાંદિવલી વિસ્તારમાં એક અત્યંત પોશ અને ગગનચુંબી ટાવરમાં 'મીનલ' નામની એક ખૂબ જ શ્રીમંત અને અભિમાની સ્ત્રી રહેતી હતી.

તેનો પતિ રોહન એક મોટી મલ્ટીનેશનલ કંપનીમાં સીઈઓ (CEO) હતો.

મીનલને પોતાના પૈસા અને સ્ટેટસનું ભારે અભિમાન હતું.

સોસાયટીના વોચમેનથી લઈને કામવાળી બાઈ સુધી તે બધાને કીડી–મકોડા જેવું ગણતી.

જુલાઈ મહિનાના દિવસો હતા અને બહાર ધોધમાર વરસાદ પડી રહ્યો હતો.

મીનલના પાંચ વર્ષના દિકરાએ પિઝા માટે જીદ કરી, તેથી તેણે એક પ્રખ્યાત એપ પરથી પિઝા ઓર્ડર કર્યા. એપ પર ડિલિવરીનો સમય ૩૦ મિનિટ બતાવતો હતો, પણ પિઝા આવવામાં પૂરી ૫૦ મિનિટ લાગી. મીનલ ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ હતી.

આ ભિખારીઓની હિંમત કેવી રીતે થઈ મને રાહ જોવડાવવાની ? એવો વિચાર કરતી તે દરવાજે ઉભી હતી.

થોડી વારમાં સૂરજ નામનો એક ૨૦ વર્ષનો ડિલિવરી બોય હાંફતો હાંફતો દરવાજે આવ્યો. તેના કપડાં વરસાદ અને કાદવથી લથબથ હતા. તેની કોણી અને કપાળમાંથી લોહી નીકળતું હતું. તેના હાથમાં પિઝાનો બોક્સ એક બાજુથી થોડો દબાયેલો હતો. સૂરજે ધ્રૂજતા હાથે તે પિઝા મીનલ સામે ધર્યા. મેડમ સોરી બહુ વરસાદ હતો અને પણ મીનલે તેનું કંઈ જ સાંભળ્યું નહીં. તેણે ગુસ્સામાં સૂરજના હાથમાંથી પિઝાનો બોક્સ ઝૂંટવી લીધો અને સીધો બહાર કચરાપેટીમાં ફેંકી દીધો.

તારી લાયકાત છે અહીં ઉભા રહેવાની ? ૨૦ મિનિટ મોડું કર્યું અને ઉપરથી પિઝાનો બોક્સ પણ ખરાબ કરી નાખ્યો ! તારા આ કાદવવાળા કપડાંથી મારા ઘરની બહાર કેટલી ગંદકી થઈ ગઈ છે જો !

મીનલ જોરથી ચિલ્લાઈ સૂરજ રડતો હતો. તેણે હાથ જોડીને કહ્યું, મેડમ, પ્લીઝ મને માફ કરી દો રસ્તામાં એક ભયંકર અકસ્માત થયો હતો હું ત્યાં ચૂપ રહે ભિખારી ! મારે તારી ખોટી વાતો નથી સાંભળવી !

એમ કહી મીનલે સીધો કસ્ટમર કેરને ફોન લગાવ્યો અને સૂરજની ગંભીર ફરિયાદ કરી. મેનેજરે ફોન પર જ સૂરજને નોકરીમાંથી કાઢી મૂક્યો.

નોકરી ગઈ એ સાંભળતા જ સૂરજ મીનલના પગે પડ્યો.

મેડમ, હું તમારા પગ પકડું છું! મારી ફરિયાદ પાછી ખેંચી લો. મારી નાની બહેનના હૃદયમાં કાણું છે. આવતીકાલે તેના ઓપરેશન માટે મને આજના પગારની બહુ જરૂર હતી મેડમ. જો મારી નોકરી જશે તો મારી બહેન મરી જશે !

સૂરજ ધ્રુસકે ને ધ્રુસકે રડી રહ્યો હતો. પણ મીનલને જરાય દયા ન આવી. તે મરતી હોય તો ભલે મરે, પણ મને નિયમ ન શીખવાડ, એવા અત્યંત નિર્દય શબ્દો બોલી તેણે સૂરજના મોઢા પર દરવાજો જોરથી બંધ કરી દીધો. સૂરજ એ વરસાદમાં રડતો રડતો ત્યાંથી નીકળી ગયો.

રાત્રે દસ વાગ્યા હતા. મીનલના મોબાઈલ પર પોલીસનો ફોન આવ્યો.

હેલો, મિસિસ મીનલ ? તમારા પતિ રોહન સાહેબની ગાડીનો હાઈવે પર ભયંકર અકસ્માત થયો છે. તમે જલ્દી સિટી હોસ્પિટલ પહોંચો.

મીનલના પગ નીચેથી જમીન સરકી ગઈ. તે પાગલની જેમ હોસ્પિટલ પહોંચી. રોહન આઈસીયુમાં હતા પણ તેઓ સુરક્ષિત હતા.

ઈન્સ્પેક્ટર સાહેબ મીનલ પાસે આવ્યા અને કહ્યું, મેડમ, નસીબજોગે તમારા પતિ બચી ગયા. હાઈવે પર તેમની ગાડીને એક ટ્રકે ટક્કર મારી હતી. ગાડીનો દરવાજો લોક થઈ ગયો હતો અને પેટ્રોલ ગળતું હોવાને કારણે ગાડીમાં આગ લાગી ગઈ હતી. રસ્તા પરના બધા જ અમીર લોકો ફક્ત મોબાઈલ પર વીડિયો ઉતારતા હતા.

કોઈ બચાવવા આગળ આવ્યું નહીં. મીનલ રડતી રડતી બોલી, તો મારા પતિને બહાર કોણે કાઢ્યા ? ઈન્સ્પેક્ટરે એક ઊંડો શ્વાસ લીધો અને કહ્યું, ત્યાંથી એક ૨૦ વર્ષનો ડિલિવરી બોય જઈ રહ્યો હતો.

ગાડીને આગ લાગેલી જોઈ એ છોકરાએ પોતાના જીવની પરવા કર્યા વગર, સળગતી ગાડીનો કાચ હાથથી તોડ્યો. તેના હાથ લોહીલુહાણ થઈ ગયા.

તેણે પોતાના કપડાં ફાડીને સાહેબના માથાનું લોહી રોક્યું અને પોતાની પીઠ પર ઉંચકીને તેમને અહીં સુધી લાવ્યો.

સાહેબનો જીવ બચાવવાની ઉતાવળમાં તેના હાથમાં રહેલો પિઝ્ઝાનો બોક્સ દબાઈ ગયો અને તેને ડિલિવરી આપવામાં ૨૦ મિનિટ મોડું થયું.

જો તે દેવદૂત ન હોત, તો આજે તમે વિધવા હોત !

આ સાંભળતા જ મીનલના ધબકારા ચૂકાઈ ગયા.

ડિલિવરી બોય ? પિઝ્ઝાનો બોક્સ દબાઈ ગયો હતો ? અને લોહી ?

તેને પેલો કાદવ અને લોહીથી લથબથ સૂરજ યાદ આવ્યો. તેનું આખું શરીર ધ્રૂજવા લાગ્યું. ઈન્સ્પેક્ટર સાહેબ તે છોકરો ક્યાં છે ?

તેણે ગભરાતા ગભરાતા પૂછ્યું.

ઈન્સ્પેક્ટરે કહ્યું, તે અહીંથી નીકળી ગયો મેડમ. તે રડતો હતો. તે કહેતો હતો કે એક મેડમે ફરિયાદ કરવાથી તેની નોકરી જતી રહી અને આજનો પગાર ન મળવાને કારણે હવે આવતીકાલે તેની બહેનનું ઓપરેશન નહીં થઈ શકે.

આ તેનું સરનામું છે. મીનલ હોસ્પિટલમાંથી પાગલની જેમ દોડી. પોતાના પતિને બચાવનાર 'ભગવાન'નું જ તેણે પોતાના હાથે ગળું દબાવ્યું હતું. તે બેંકમાંથી પૈસા ઉપાડીને મધરાતે સૂરજની ઝૂંપડપટ્ટીમાં પહોંચી.

પણ ત્યાં જે દ્રશ્ય તેણે જોયું. તે જોઈ મીનલના ગળામાંથી એક ભયાનક ચીસ નીકળી ગઈ અને તે ત્યાં જ કાદવમાં ફસડાઈ પડી. સૂરજની ઝૂંપડી બહાર લોકોની ભીડ હતી. સૂરજ ઝૂંપડીના દરવાજે એક પથ્થર પર સુન્ન થઈને બેઠો હતો. તેના હાથમાં એક નાની છોકરીનું "સ્વેટર' હતું.

પૈસા ન મળવાને કારણે અને સમયસર ઓપરેશન ન થવાને કારણે, સૂરજની એ ૭ વર્ષની માસૂમ બહેને માત્ર એક કલાક પહેલા જ તડપી તડપીને પ્રાણ છોડ્યા હતા.

જે સૂરજે મીનલના પતિને મોતના મુખમાંથી પાછો લાવ્યો હતો.

એ જ મીનલના ૫૦ રૂપિયાના પિઝ્ઝાના અહંકારે સૂરજની બહેનનો જીવ લીધો હતો.

મીનલ સૂરજના પગ પાસે કાદવમાં પડી અને પોક મૂકીને રડવા લાગી.

સૂરજ ! મને માફ કરી દે બેટા ! હું રાક્ષસણ છું ! આ પૈસા લે તારી બહેનને પાછી બોલાવી લે. મેં મારા પતિના ભગવાનને જ મારી નાખ્યો !

પણ, સૂરજ કંઈ જ બોલ્યો નહીં. તેની આંખો કોરી થઈ ગઈ હતી. તેણે મીનલ સામે જોયું પણ નહીં. પૈસા અને શ્રીમંતિનું એ અભિમાન એક ગરીબ ડિલિવરી બોયની બહેનની લાશ સામે કાયમ માટે ભિખારી બનીને પડ્યું હતું.

પશ્ચાતાપની આગ હવે મીનલને આખી જીંદગી બાળવાની હતી.

બોધ :–

તમે ગમે તેટલા પૈસા આપીને કોઈ પણ વસ્તુ ખરીદતા હોવ, પણ સામેની વ્યક્તિને ગુલામ ન સમજો. ડિલિવરી બોય, વેઈટર કે મજૂર પણ કોઈના ભાઈ, દીકરા કે પિતા હોય છે.

તેમના મોડા આવવા પાછળ કે ભૂલ પાછળ કેવો સંઘર્ષ છુપાયેલો હશે, તે આપણને ખબર નથી હોતી.

તમારા બે મિનિટના ગુસ્સાથી કોઈ નિર્દોષ પરિવારનું જીવન કાયમ માટે બરબાદ થઈ શકે છે.

**સત્ય ઘટના પર આધારિત**

---

## ગાંઠ

– ડો. વિષ્ણુ એમ. પ્રજાપતિ

'આ બ્રેઇન ટ્યુમર જ છે, મારો શક સાચો જ હતો.' ડોક્ટરે એમઆરઆઇ બ્રેઇનની એક સ્લાઇડ લાઇટની સામે રાખીને તેમાં એક અલગ તરી આવતા કાળા ધબ્બા ઉપર આંગળી અડાડીને કહ્યું.

એટલે ગાંઠ ? ડોક્ટરની સામે બેસેલા નિર્ભયના શબ્દોમાં ભય અને વેદનાની અસર હતી. નિર્ભય હજુ કોલેજના બીજા વર્ષમાં હતો એટલે આમ અચાનક આવેલી અણધારી આફતને સહન કરી શકે તેટલો સક્ષમ નહોતો.

હા એટલે જ તો તેમને માથુ દુ:ખવું, ચક્કર આવવા, અવારનવાર બેભાન થઇ જવુ આ બધી તકલીફો છે. આવતીકાલે દાખલ કરી દો ઓપરેશન કરાવવું જ પડશે અને તે પણ જલ્દી શહેરના પ્રખ્યાત ન્યુરોસર્જન ડોકટર શાહે તો તેમનો અભિપ્રાય આપી દીધો.

કોઇ ચિંતા જેવું તો નથી ને ? અને હું તેમને બહાર બેસાડીને માત્ર રીપોર્ટ્સ બતાવવા જ આવ્યો છું.' નિર્ભય હવે ખરેખર ચિંતાગ્રસ્ત દેખાતો હતો.

હવે કાંઇપણ વિચાર્યા વિના તેમની ગાંઠને દૂર કરવી તે જ પહેલો રસ્તો છે. ડોકટરે તેના રીપોર્ટ્સ તેમના આસિસ્ટન્ટને આપી ફાઇલમાં મુકાવ્યાં.

ડો. શાહ કન્સલ્ટિંગ રૂમમાં સામે બેઠેલા ચિંતીત નિર્ભયને જોઇ રહ્યા અને બોલ્યા, ‘જો તારા પપ્પાને પણ સાથે લાવવા જોઇએ. તને અને તારા મમ્મીને હિંમતની જરુર છે બાકીનું મારા પર છોડી દો અત્યારે બ્રેઇન સર્જરી પણ નોર્મલ જ ગણાય છે.

સાહેબ, કેટલો ખર્ચ ? અને ઓપરેશન પછી સારુ તો થઇ જશે ને ? નિર્ભય હજુ વ્યથીત હતો.

જિંદગીના જોખમ સામે બીજો કોઈ વિચાર ન કરાય ઓપરેશન અને પોસ્ટ ઓપરેટીવ કેરમાં પણ ખૂબ સાવધાની રાખવી પડે છે. બે થી અઢી લાખનો ખર્ચ થશે ! એ બધું તમને રિસેપનીસ્ટ સમજાવશે. ડોક્ટર શાહ માટે આ પ્રકારના અનેક કેસો દરરોજ આવતા એટલે રુટીન હતું પણ નિર્ભય માટે તો આ મમ્મીની મગજની ગાંઠનું નિદાન અને આકસ્મિક ખર્ચ તેને બેચેન કરી મુકે તેવું હતું.

ડોક્ટરની કેબિનમાંથી બહાર આવીને નિર્ભયે એક શ્વાસે આખો ગ્લાસ પાણી ગટગટાવી લીધો અને ઉંડો શ્વાસ લઇ સહેજ રીલેક્ષ થવાનો પ્રયત્ન કર્યો.

પ્રાઇવેટ હોસ્પિટલ કે સરકારી હોસ્પિટલમાં જવું ? મેડિક્લેઇમ પણ નહોતો એટલે પૈસાની પણ વ્યવસ્થા કરવી પડશે ! તાત્કાલિક દાખલ કરવામાં બીજી વ્યવસ્થાની પણ ચિંતા અને વળી કોર્ટની તારીખો તો ખરી જ ! અત્યારે નિર્ભયના મનમાં અનેક વિચારોની ઘુમરીઓ આમતેમ અથડાઇ રહી હતી.

‘વળી, ડોક્ટરે કહેલું કે પપ્પા કેમ સાથે નથી ? આ તો મમ્મીના છુટાછેડાની ફાઇલ અને તેમના કોર્ટના છેલ્લા એકવર્ષના ધક્કાથી પોતે પણ કંટાળી ગયો હતો અને એમાં પણ આ નવી ઉપાધી !’

શું કહ્યું ડોક્ટરે ?’ નિર્ભયની રાહ જોઇને બહાર બેસી રહેલા તેના મમ્મીએ પુછી લીધુ.

એક નાની ગાંઠ છે. ઓપરેશન કરાવવું પડશે.’ નિર્ભયે હકીકત કહી દીધી.

ખર્ચ ?’ માંના ચહેરા પર પોતાના દુ:ખની નહી પણ ઘરની આર્થિક તંગીની વધુ ચિંતા હતી. બે અઢી લાખ !’ શબ્દો ભલે ત્રણ જ હતા પણ એકલવાયા થઈ ગયેલા મા દીકરા માટે આ રકમ ભેગી કરતા તો ત્રણ દાયકા નીકળી જાય તેમ હતું.

અને પછી બન્ને વચ્ચે સર્જાયો એક મોટો શૂન્યવકાશ સિવિલમાં જઇએ તો ? આખરે માંને ખબર હતી કે આ પરિસ્થિતિને પોતે જ સાંભળવાની છે.

સારુ જોઇએ ! નિર્ભય પણ મમ્મીની આંખોમાં છેક ઊંડે સુધી જઈને તેના આંસુ સાગરમાં ડૂબકી લગાવી આવ્યો.

નિર્ભય અને મમ્મીને આવતીકાલે કોર્ટમાં મુદત હતી એટલે જવાનું પણ હતુ. મુદત પતાવી સિવિલ જઈ આવીશું તેમ નક્કી કરી બંને જીવનની કપરી પરિસ્થિતિ સામે લડવા તૈયાર થયા.

બીજા દિવસે મમ્મીને માથાનો દુ:ખાવો વધી ગયો અને ચક્કર પણ વધી ગયા. પણ કોર્ટની તારીખ પર જવુ જરુરી હતું.

નિર્ભયે તેની ફાઇલ સાથે મમ્મીના રીપોર્ટસની ફાઇલ પણ સાથે લીધી. પછી વકીલ કોર્ટની બહાર લાંબો ઇંતજાર અને સામે લડનારા ખૂદ પપ્પા અને તેમના વકિલ.

મમ્મી–પપ્પા બન્ને વચ્ચેના કાયમી ખટરાગો વિચારો અને રહેણીકરણીમાં જમીન આસમાનનું અંતર પપ્પા બિઝનેશમેન અને મમ્મી ટીપીકલ હાઉસ વાઇફ પપ્પા શોખીન અને ઘરની બહાર જ રહ્યા કરે જેનો મમ્મીને કાયમ વિરોધ પપ્પાની ઓફીસમાં બધાની વચ્ચે જ મમ્મીએ પપ્પાની સેક્રેટરી બાબતે ઉગ્ર બોલાચાલી કરેલી અને પછી તો પપ્પાએ પણ તેનાથી કંટાળીને ડિવોર્સની નોટીસ આપી દીધી હતી.

મમ્મીએ સામે વળતરની માંગણી મુકેલી અને કોર્ટ તેનો નિર્ણય કરવાની હતી.

નિર્ભય બન્ને વચ્ચે કેટલીયેવાર પીસાયો હતો તે કાયમ મમ્મી તરફી હતો કારણ કે મમ્મીએ તેને ખૂબ પ્રેમ આપેલો અને પપ્પાને તો ટાઇમ જ ક્યાં હતો ?

નિર્ભય કોર્ટની બહાર પોતાના કેસનો નંબર આવે તેની રાહ જોઇને મમ્મી સાથે બેઠો હતો. પપ્પા પણ દૂર તેની સેક્રેટરી સાથે જ આવેલા. 'કેવા નિર્લજ્જ છે. મમ્મીની કે અમારી સહેજે'ય ચિંતા નથી ?' નિર્ભય દૂરથી પપ્પાને અંદરો અંદર ધુત્કારી રહ્યો હતો. અને ત્યાં જ મમ્મી ચક્કર ખાઇને બેભાન થઇને પડી અને બધા ભેગા થઇ ગયા. નિર્ભય પણ મમ્મીને ટેકો આપવા લાગ્યો અને ત્યાં જ પપ્પા દૂરથી દોડીને આવ્યા અને તેમને મમ્મીનું માથું પોતાના ખોળામાં લઇ લીધું.

એકાએક પપ્પાને આ રીતે બદલાયેલો સ્વભાવ જોઇને નિર્ભય તો અચંબિત થઇ ગયો. તેને જોયું તો પપ્પા તાત્કાલિક એમ્બ્યુલન્સ મંગાવવા તેની સેક્રેટરીને કહી રહ્યા હતા.

'પપ્પા, મમ્મીને મગજમાં ગાંઠ છે એટલે આવું તો છેલ્લા બે મહિનાથી થાય છે.' આખરે નિર્ભયે પપ્પા સામે જોઇને કહ્યું અને તરત જ પપ્પા બોલ્યા, 'ઓહહ તો મને કહ્યું કેમ નહી ?' તે અત્યારે સાવ બદલાયેલા લાગ્યા.

અને થોડીવારમાં એમ્બ્યુલન્સ આવી. નિર્ભયે એમ્બ્યુલન્સમાં બધી વાત કહી અને મમ્મીની ફાઇલ પણ બતાવી.

નિર્ભયના પપ્પાએ ઉંડો શ્વાસ લીધો અને બોલ્યા, 'તારી મમ્મી કાયમ મગજમાં બધી ગાંઠોવાળીને જ જીવતી અને એટલે જ મારે એની સાથે નહોતું બનતું. કેમ મોડું થયું ? પેલી કોણ હતી ? રાતે કોની સાથે જમ્યા ? પેલી નવી સેક્રેટરી કેમ તમારી સાથે હતી ? જેવા કેટકેટલાય નિરર્થક પ્રશ્નોથી હું કંટાળી ગયો હતો. તેના મગજમાં રહેલી આ બધી અવિશ્વાસ અને અદેખાઇની ગાંઠો આ મોટી ગાંઠ બનીને બહાર આવી છે.'

પણ પપ્પા મમ્મી અને મારેય તમારો પ્રેમ જોઇએ તો ખરોને એમા મમ્મી ખોટી નહોતી. મેં તેને ઘણીવાર એકલી એકલી રડતા જોઇ છે. નિર્ભય હવે બધુ સમજે તેવો પરિપક્વ તો હતો જ.

જો દિકરા, ઘરમાં મમ્મી પ્રેમ અને વ્હાલ આપે, ઘરને સાચવે જ્યારે પપ્પા ઘરને આર્થિક સધ્ધરતા અને આવનારી તકલીફો સામે સુરક્ષા આપે આ કામ સદીઓથી વહેંચાયેલું છે. પપ્પા મમ્મી બનીને કે મમ્મી પપ્પા બનીને રહે તો પરિવારમાં અસંતુલન આવી જાય. બન્નેની જુદી જુદી જવાબદારીઓ છે.' પપ્પા બિઝનેસમેન હોય તે રીતે વાત કરતા હતા.

આખરે હોસ્પિટલ આવી મમ્મીને તાત્કાલિક એડમિટ કરી અને બીજા દિવસે ઓપરેશન પણ કરવાની સૂચના અપાઇ ગઇ. તેનો બધો ખર્ચ પપ્પાએ કરી દીધો. મમ્મી તો હજુ પણ

બેભાન હતી. નિર્ભય જોઇ રહ્યો હતો કે પપ્પાના શબ્દકોશમાં પ્રેમ ભલે ન હોય પણ તેમનામાં પારિવારિક જવાબદારી ભારોભાર હતી. કદાચ, પપ્પાનો પ્રેમ આ રીતનો જ હોય !

મમ્મી ભાનમાં આવી. સામે નિર્ભય દેખાયો પણ પોતે પ્રાઇવેટ હોસ્પિટલમાં છે તે જોઇને બોલી, 'નિર્ભય આ બધો ખર્ચ ?'

ઓપરેશનનો બધો ખર્ચ પપ્પાએ આપ્યો છે !' નિર્ભયના મુખેથી શબ્દો સાંભળતા મમ્મીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.

અને ત્યાં જ પપ્પા રૂમમાં આવ્યા. મમ્મી આજે પહેલીવાર તેમને જોઇને નારાજ ન થઇ અને બોલી, 'આટલો બધો પ્રેમ કરો છો તો કહેતા કેમ નથી ?'

એ મારી આદત નથી અને બસ તું એમ કહે કે તને કેમ છે ? એટલું કહીને તે હસ્યા.

તમે હોય તો પછી ચિંતા શેની ? જાણે મમ્મી પણ પપ્પાનો પ્રેમ સમજી ગઇ હતી.

બસ તો આ વાક્ય જિંદગીભર મગજમાં ગાંઠવાળીને રાખજે તો હું તને કોઇ તકલીફ નહી થવા દઉં. પપ્પા પણ તેની પાસે તેનો હાથ પકડીને બોલ્યા.

'અરે જો જો મગજમાં બીજી કોઇ ગાંઠ વાળતાં હું માંડમાંડ જુની ગાંઠ કાઢી શક્યો છું.' ન્યુરોસર્જન ડો. શાહ કેબિનમાં દાખલ થતા બોલ્યા અને સૌ હસી પડ્યાં.

મમ્મી પણ બોલી, સાચે જ ડોક્ટર હવે એવું જ લાગે છે કે મગજની બધી ગાંઠો નીકળી ગઇ હોય !'

---

## માવડિયો

ઑફિસેથી સાંજે આવીને રક્ષકે જોયું તો બા ખુરશીમાં એકદમ સૂનમૂન બેઠેલાં. રક્ષક કીચનમાં જઈ જોઈ આવ્યો તો બાએ કશું જ ખાધું નહોતું. એ તુરત બાનાં ચરણો પાસે નીચે બેસી ગયો.

'બા, તમે આખો દિવસ જમ્યા નહીં ? તમને કેટલી બધી અશક્તિ આવી જશે. તમે સહેજે ચિંતા ના કરો. મેં આજદિન સુધી તમારી કોઈ વાત ઉથાપી નથી. તમે કહેશો એ જ પ્રમાણે કરીશ. મારા પર વિશ્વાસ તો છે નેપ.'

ગંગાબાના ચહેરા પર સ્મિત ફરકી ગયું. તેમણે રક્ષકના માથે હાથ ફેરવ્યો. રક્ષકે તેનો લન્ચબોક્ષ બતાવ્યો.

'જો બા, મેં પણ સવારથી કશું જ ખાધું નથી. ચાલ હવે આપણે બંને સાથે જમી લઈએ. હું ટેબલ પર બધું ગોઠવી દઉં છું.'

રક્ષકે ઝડપથી ટેબલ ગોઠવી દીધું. એનેય કકળીને ભૂખ લાગી હતી. સવારે ઑફિસે જતાં બાને નારાજ કરતાં તેનો જીવ કપાતો હતો પણ એના માથેય સંકટનાં વાદળો ઘેરાયાં હતાં. તે નિ:સહાય, નિરુપાય બની ગયેલો. તેને પરણવું હતું મોક્ષાને કે જેના પ્રેમમાં તે છેલ્લાં પાંચ વર્ષથી ગળાડૂબ હતો. તેના વિનાની જિંદગી તેને અસહ્ય લાગતી હતી. મોક્ષા હતી પણ એવી જ. એના સૌંદર્યમાં શીલની સુગંધ હતી. હરણ જેવી આંખોમાં સુગંધનો સુરમો હતો. તે બોલતી તો જાણે વીણાના તાર ઝણઝણી ઉઠતા. એ મોક્ષા દિવસે દિવસે ઉતાવળી બની હતી.

તેના રૂપને વારી ગયેલાઓનાં સારાં સારાં માંગા આવતાં હતાં. છેલ્લે અઠવાડિયે તો અમેરિકાથી આવેલા ડૉક્ટરે તેના માટે માગણી મૂકી હતી. એટલે જ મોક્ષા રક્ષકને હવે આગ્રહ કરી વીનવી રહી હતી.

રક્ષક, હવે તમે બાને સમજાવો. મારાં મમ્મી–ડેડી રાત દિવસ મારી ચિંતા કર્યા કરે છે. હું ગમે તેમ સમજાવીને મનાવી લઉં છું. મારાં મમ્મી ડેડી તમને પસંદ કરે છે પણ જ્યાં સુધી તમારી બા સંમતિ ન આપે ત્યાં સુધી કશું જ શક્ય નથી. કંઈક તો રસ્તો શોધી કાઢો અથવા મને મુક્ત કરો રક્ષકપ. સહનશીલતાની પણ કોઈ હદ હોય.

મુક્ત કરવાની વાત આવી ને રક્ષક ભડક્યો. કોઈ પણ સંજોગોમાં મોક્ષા તો હાથમાંથી જવી ન જોઈએ. એના વિના જીવવું આકરું થઈ પડે. એણે મોક્ષાને હિંમત ને આશ્વાસન આપ્યાં : 'હું બાને મનાવી લઈશ. બાને ચોખ્ખું કહી દઈશ કે ગામડાની છોકરી સાથે હું જીવન નીભાવી ન શકું. બા એ વર્ષો પહેલાં અમારા ગામની એમની બહેનપણીને એમની દીકરી પ્રિયા માટે મારા લગ્નનું વચન આપ્યું એટલે બા એ વચન તોડવા તૈયાર નથી.

મોક્ષાએ શંકા વ્યક્ત કરી : એવું તો નથી ને રક્ષક કે તમે પ્રિયાને જોઈ હોય અને તે મારાં કરતાં વધારે રૂપાળી હોય એટલે બાનું બહાનું બતાવી મને ટાળી રહ્યાં હોય. જે મનમાં હોય તે સ્પષ્ટ કરજો. મારા તરફથી તમને સંપૂર્ણ મુક્તિ છે.

પસીનાનાં બુંદ મોક્ષાના ચહેરા પર હીરા માણેકની જેમ ચમકી ઉઠયાં. રક્ષકે તેને ગળે વળગાડી લેતાં કહ્યું : 'બસ આટલો જ મારા પ્રેમ ઉપર વિશ્વાસ મોક્ષાપ. તું નહીં માને મેં આજથી આઠેક વર્ષ પહેલાં પ્રિયાને એક લગ્ન પ્રસંગમાં જોયેલી ત્યારથી મેં એને જોઈ નથી કે ન એણે મને જોયો છે. બાને પૂછ્યું તો એનેય પ્રિયાનો ચહેરો યાદ નથી છતાં આગ્રહ કરે છે. તને તો ખબર છે. બા એ કેટકેટલાં દુ:ખો વેઠીને મને મોટો કર્યો, મને ભણાવ્યો, એને સહેજે દુ:ખ થાય તેવું કશું કરી શકું નહીં કે એની વાતને ઉવેખી શકું નહીં. પણ હું કોશીશ ચોક્કસ કરીશપ. મને પૂરેપૂરી શ્રદ્ધા છે. બાને મનાવી લઈશ.'

'આ છેલ્લીવાર રક્ષકપ.મારે આ એક અઠવાડિયામાં જ જવાબ જોઈએ. હા કે નાપ નહીં તો હું મારો રસ્તો શોધી લઈશ એટલે કે મમ્મી ડેડી કહેશે ત્યાં પરણી જઈશ. પછી મને દોષ દેશો નહીં.'

રક્ષકની મુંઝવણ વધી હતી એટલે આજે સવારે ઑફિસે જતાં જતાં ગંગાબાને તેણે પોતાની હૈયાવરાળ ઠાલવી હતી. પણ ગંગાબા જીદે ચઢેલાં : 'શહેરની છોકરીઓનો બેટા ભરોસો નહીં. એ મારી હાજરી વખત જતાં સાંખી નહીં શકે. આપણા બંનેનું જીવવું દોહયલું કરી નાંખશે. પ્રિયાને ભલે જોયે પાંચ વર્ષ થયાં પણ એ ગામડાની સંસ્કૃતિની છે. ઘણાંના મોઢે એનાં વખાણ સાંભળ્યાં છે. એના બા–બાપૂજી પણ ખૂબ સંસ્કારી છે એટલે મને આ સંબંધ મારે ટકાવી રાખવો છે દીકરા.

'પણ બા, તમે સમજતાં કેમ નથી. મેં મોક્ષાને લગ્નનું વચન આપ્યું છે. એ મારા વગર અને હું એના વગર જીવી શકું તેમ નથી. આમ બોલતાં શરમ અને ક્ષોભ અનુભવું છું પણ

તમને કીધા વિના છુટકો નથી. તમે જ કોઈ રસ્તો બતાવો બાપ તમારો ન્યાય મને માન્ય છે. તમારાથી વધીને દુનિયામાં મારા માટે કશું જ નથી.'

ગંગાબાની આંખ ભીની થઈ ગઈ. એ બોલ્યાં : 'બાને દુ:ખી કરીશ તો ચાલશે બેટા, મોક્ષા સાથે તારે જન્મારો કાઢવાનોપ. હું તો કેટલા દિવસ જીવવાની.'

બસ બા એ વાત પર રીસાઈ બેઠેલાં તે આખો દિવસ જમ્યાંય નહીં. હમણાં માંડ માંડ જમાડીને સુવડાવ્યાં. એ મોડી રાત સુધી બાના પગને રોજની જેમ તેલથી હળવું માલીશ કરતાં કરતાં જાગતો બેસી રહ્યો. પણ એ દરમિયાન એના મગજમાં એક વિચાર ઝબુક્યો અને તેનો અમલ કરતા તે ઉતાવળો થયો.

બીજે દિવસે વહેલી સવારે એ મોક્ષાને મળ્યો. પદમના પુષ્પ જેવું પ્રભાત ઉઘડી રહ્યું હતું. સૂરજનાં કિરણો સોનાના રસે ધરતીને ઘમરોળતાં હતાં. સહસ્ર કિરણોનું પાન પીતી પૃથ્વી પુલકિત બની હતી. એવા સુંદર વાતાવરણમાં ડેનીમ જીન્સ અને ચોકલેટી ટોપમાં મોક્ષા સ્કુટી લઈને આવી હતી. એના વાળ નાયગ્રા ધોધની લયમાં ગોઠવાયેલા હતા. ઘડીભર તો રક્ષક એને અપલક તાક્તો જ રહ્યો. પછી હળવેકથી એણે મોક્ષાનો હાથ પસારતાં કહ્યું :

'મોક્ષા, એક રસ્તો મને સુઝે છેપ. બસ તારી સહાયની જરૂર છે. આપણું કામ ઈશ્વરને ગમશે તો પાર પડશે.'

'બોલો રક્ષક, તમે કહો તે કરવા તૈયાર છું. મારી એમાં તે કાંઈ સંમતિ લેવાની હોય ?'

'જો બા એ તને કે પ્રિયાને હજુ સુધી જોઈ નથી. વળી બાને દેખાય છે પણ ઝાંખુ. કાલે ઑફિસમાં રજા છે. તું એકલી તારી રીતે મારા ઘેર આવજે. હું બાને કહીશ કે ગામડેથી પ્રિયા આવી છે. તું એમની એવી સેવા કરજે કે તને છોડે જ નહીં. બસ હું કહું તેમ કરતી જા મોક્ષાપ આવતી કાલે સવારે નવેક વાગે આવી જજે. રસોઈ પણ તું જ બનાવજે. તેને રસોઈ કરતાં તો આવડે છે ને કે ઓહિયાં.'

મોક્ષાએ રક્ષકની કૂખમાં કોણી દબાવી પણ રક્ષક, બાને છેલ્લે ખબર પડી જાય તો એમનું દિલ કેટલું દુભાશે તેનો તમને ખ્યાલ છે. આપણે કરેલી છેતરપીંડી એ કદી માફ નહીં કરે હું બાને છેતરવા તૈયાર નથી.'

'જો મોક્ષા એમાં કોઈ છેતરપિંડી નથી. મારી બા આગળ માફી માંગી લઈશ. છેવટે મારી બાનું હૃદય ખૂબ વિશાળ છે એ હું જાણું છું. એ પછી ના પાડશે તો આગળ વિચારીશું. અરે હા, તું પર્સમાં કંઈક હતું તે મને બતાવવા માગતી હતી ને.'

મોક્ષાએ પર્સમાંથી બે ફોટા કાઢી સામે ધર્યા. રક્ષક બંને ફોટા જોઈ ગલવાઈ ગયો. તેનો ચહેરો સાવ ધોળી પૂણી જેવો થઈ ગયો. 'તમને ફોટા બતાવીને ડરાવવાનો ઈરાદો લેશમાત્ર નથી. આ તો મમ્મી–ડેડીએ મને આગ્રહ કરી આપ્યા છેપ આ બંને મારી પાછળ હાથ ધોઈને પડ્યા છે. એક ડૉક્ટર અને એક ઍન્જિનિયર છે.'

'તારી નજર કોના પર ઠરે છે મોક્ષા ? અમસ્તું જ પૂછું છું.'

મોક્ષાના કપાળે કરચલીઓ વળી ગઈ. તેણે એક ઊંડો શ્વાસ ખેંચી કહ્યું : 'એકે પર નહીં.

પણ તમારો વિલંબ મને અકળાવી મૂકે છે. મારાં મમ્મી–ડેડીના ઉચાટથી હું ગભરાઈ ગઈ છું. હું માત્ર મારા સ્વાર્થ ખાતર એમની બલી ન ચઢાવી શકું. તમે જાણો છો ને ડેડીને બે એટેક પહેલાં આવી ચૂક્યા છે.'

મોક્ષાની વાતથી ઘડીક નિસ્તબ્ધતા છવાઈ ગઈ. રક્ષક ગળગળો બની ગયો. તેણે છુટા પડતાં મોક્ષાને માથે હાથ મૂકી એટલું જ કહ્યું : 'મેં કહ્યું તેમ આપણે છેલ્લો પ્રયાસ કરી જોઈએ. સફળ થઈએ તો આપણું નસીબ મોક્ષા નહીં તો ને ભારે હૈયે મોક્ષાને વિદાય આપી રક્ષક ઘરે આવ્યો.

બીજે દિવસે સવારે નવ વાગ્યાની રક્ષક પ્રતિક્ષા કરવા માંડ્યો. ત્યાં તો નવના ટકોરે ચલો સાડીમાં મોક્ષા ઉંબરે આવી ઊભી. રક્ષકે અજાણ્યાં બની બા સાંભળે તેમ પૂછ્યું : 'તમને ઓળખ્યા નહીં !'

હું પ્રિયાપ. દેવપુરથી આવું છું. પ્રિયા અને દેવપુરનું નામ સાંભળતાં જ ગંગાબા નજીક આવી મોક્ષાનો હાથ પકડી ઘરમાં ખેંચી લાવ્યાં. સોફા પર બેસાડી તે ધારી ધારીને મોક્ષાને જોવા લાગ્યાં. પછી ગામમાં બધાંની ખબર પૂછી.

'અહીં આવ મારી પાસે રક્ષક' ગંગાબાએ રક્ષકને પાસે બોલાવી તેનો કાન પકડ્યો.

'જો મારા વ્હાલા દીકરા આ છે પ્રિયા કેટલી સુંદર ને સુશીલ છે. આ છોકરીને તોલે પેલી તારી શહેરવાળી છોકરી આવી શકે ?'

મોઢું કટાણું કરીને રક્ષક બોલ્યો : 'બા, તમને તો બધી છોકરીઓ પરી જ લાગવાની. મને તો મોક્ષા જ ગમે છે. ચોખ્ખે ચોખ્ખું કહી દઉં છું.'

ગંગાબાએ પ્રિયાને માથે હાથ ફેરવ્યો : 'ખોટું ના લગાડતી બેટા, મારા આ દીકરાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. તું આવતી જતી રહીશ તો એની મેળે લાઈન પર આવી જશે.'

મોક્ષાથીએ સાંભળી હસી પડાયું. ગંગાબાએ તીણી નજરે નોંધ લઈ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું : 'જો બેટા, પ્રિયાનું મન કેટલું મોકળું છે. તેણે તારી વાતને સહેજે ગંભીરતાથી લીધી નથી. આવી હૃદયની વિશાળતા ગામડાના લોકોમાં જ હોય. જરા સમજ ચાલ હું ઝડપથી મારી પ્રિયા માટે રસોઈ બનાવું.' કહેતાં ગંગાબા ઊભાં થયાં ને સાથોસાથ મોક્ષા પણ ઊભી થઈ ગઈ.

'બા, તમે શાંતિથી મારી પાસે બેસજો. આજે મારા હાથની રસોઈ રક્ષકને ને તમને ખવડાવીશ. મારા હાથનું જમશે તો રક્ષક આંગળાં ચાટતા થઈ જશે.'

'બસ બેટા, એવું તું કર કે મોક્ષાનું નામ જ લેવાનું છોડી દે. મારા દીકરાનું મગજ આ છોકરીએ બગાડી નાંખ્યું છે નહીં તો મારો દીકરો લાખોમાં એક છે. મારા કીધા વિના તસુએ પગલું ભરે નહીં.'

પ્રયોગ સફળતાની દિશામાં આગળ ધપી રહ્યો હતો. બા સ્ટોર રૂમમાં કંઈક લેવા ઉપરના માળે ગયાં ને રક્ષક કીચનમાં પહોંચી ગયો. કીચનમાં વ્યસ્ત મોક્ષાને પાછળથી ઢંઢોળી : 'તું તો યાર જબરી એક્સપર્ટ છે. બા પર તેં તો જબરી ભુરકી નાખી દીધી છે. પહેલી મુલાકાતમાં જ તારા પર વારી ગયાં.'

'સારું સારું, જરા ધીમે બોલો, બા સાંભળી ગયા તો આખી બાજી ઊંધી વળી જશે. જો સાંકળ ખખડી.'

રક્ષક ભડકીને કીચનની બહાર નીકળી ગયો.

'કેમ બેટા, રસોડામાં ભમરાની જેમ આંટા મારે છે ? પ્રિયા ગમવા માંડી લાગે છે.'

'જરાય નહીં બા, આ તો એને માળીયેથી ડબ્બો ઉતારવો હતો એટલે મદદમાં આવ્યો.' ને બરાબર કલાકે બધી રસોઈ મોક્ષાએ તૈયાર કરી નાંખી. બધા સાડા અગિયારે સાથે જમવા બેઠા. કોળીયે કોળીયે મોક્ષાની રસોઈનાં વખાણ કરી રહ્યાં હતાં તે રક્ષક જાણી જોઈને બા ને હળવેકથી ચીડવતો હતો : 'રસોઈ ઠીક છે. આનાથી તો બા તમારા હાથની રસોઈ વધારે સારી બને છે. તમને તો પ્રિયા એટલી પ્રિય છે કે તેનાં જ વખાણ કરવાનાં. એમાં કંઈ નવી વાત નથી.'

ટેબલ નીચેથી મોક્ષાએ ધીમેથી રક્ષકને લાત મારી. ગંગાબા હસતાં હસતાં મોક્ષા તરફ જોઈ બોલ્યાં : 'માવડીયો છેપ મારા હાથનું જ એને વધારે ભાવે પણ દીકરા ધીમે ધીમે તારે પ્રિયાની રસોઈથીયે ટેવાવું તો પડે ને.'

રક્ષક આંખોથી મોક્ષાનો રુપાળો ચહેરો તાકતો રહી ગયો. એમ કરતાં કરતાં સાંજના ચાર થવા આવ્યા એટલે મોક્ષા તૈયાર થઈ ગંગાબા પાસે આવી.

'બા, હવે હું નીકળું. બા ચિંતા કરતી હશે. બસનો સમય પણ થઈ ગયો છે.'

'દીકરી, તું આવી એટલે મારું મન પ્રસન્ન થઈ ગયું. આવતા રવિવારે ફરી આવજે ને સાથે બાને પણ લેતી આવજે. બહેનપણીઓ ઘણા વર્ષોથી મળી નથી. એ આવે તો દીવાળી પછી તમારા બંનેનું ગોઠવી નાંખીએ. નહીં તો આ મોક્ષાની પાછળ દીવાનો થઈ ફર્યા કરશે અને તું રખડી પડીશ. આ શહેરની છોકરીઓની ચાલાકી તને ખબર નથી પ્રિયાપ સીધી કોર્ટમાં લગ્ન કરી લે છે.'

મોક્ષાથી આ વખતે ખરેખર હસી પડાયું.

'જા પ્રિયાને સ્ટેન્ડ સુધી મૂકી આવ. મારું મોઢું શું તાક્યા કરે છે.'

'બા, તમે જઈ આવો. મારા પગમાં કળતર થાય છે.' ફરી એકવાર રક્ષકે ટીખળ કર્યું.

ગંગાબાએ રક્ષકના માથે હાથ મૂક્યો : 'જા બેટા, મહેમાન સાથે સદવર્તન કરાય આમ તરછોડાય નહીં. ને ગંગાબાએ આગ્રહ કરી રક્ષકને મોક્ષા સાથે મોકલ્યો. રસ્તામાં બંને એક બીજાને તાળી પાડતાં બોલ્યાં : 'શો ફલોપ થાય એવું હમણાં તો નથી લાગતું પછી ઈશ્વરની મરજી. આવતા રવિવારે ફરી એકવાર પ્રોગ્રામ ગોઠવીશું ઓકે. મલકાતાં મલકાંતાં બંને છુટાં પડ્યાં. સ્ટેન્ડેથી રક્ષક ઘરે આવ્યો ને ગંગાબાની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. રાત્રે પણ મોડે સુધી એ પ્રિયાનાં જ વખાણ કરતાં રહ્યાં. ને રક્ષક મનોમન પોરસાતો રહ્યો. પથારીમાં પડ્યે પડ્યે ક્યાંય સુધી મલકાતો રહ્યો. એ પછી તો મોક્ષા અઠવાડિયામાં તો એકાદવાર ઘરે આવવાનું ચૂકતી જ નહોતી ને ગંગાબા તો એટલાં ખુશ હતાં કે આગ્રહ કરીને મોક્ષાને તેડાવતાં.

પણ એક બપોરે રક્ષક ઑફિસેથી ઘરે બાની તબિયત રાતથી બગડી હતી એટલે ડૉક્ટરે લખી આપેલી હતી એ દવા લઈને આવ્યો ત્યારે મોક્ષા મહેમાનો સાથે બહાર ગઈ હતી એટલે આવી શકી નહોતી. રક્ષકે બાને થોડો નાસ્તો કરાવ્યો. ફળ ખવડાવ્યાંને પછી દવા આપી સુવડાવ્યાં જ હતાં ને ત્યાં ડોરબેલ વાગી. બાની ઊંઘમાં ખલેલ ન પહોંચે એટલે દબાતા પગલે જઈ રક્ષકે દરવાજો ખોલ્યો તો એક આધેડ વયની સ્ત્રી અને એક છોકરી ઊભેલાં.

ગંગા છે ? હું એમની બહેનપણી રત્ના અને આ છે મારી દીકરી પ્રિયાપ દેવપુરથી આવ્યાં છીએ.' પ્રિયાનું નામ સાંભળતાં જ રક્ષકના પેટમાં ધ્રાસકો પડ્યો. ગંગાબા રત્નાનું નામ પડતાં જ સફાળાં બેઠાં થઈ ગયાં. રત્નાને પાસે બોલાવી ગળે વળગી પડ્યાં. બંનેની આંખમાં હરખનાં અશ્રુ તગતગી રહ્યાં.

'જો બેટા, આ મારી ખાસ બહેનપણી રત્ના અમે સાથે જ ગામમાં રમેલાં, ભણેલાં ને મોટાં થયેલાંપ.' ત્યાં તો ગંગાબાની નજર પેલી છોકરી પર પડી ને કંઈક દ્વિધા સાથે પૂછી રહ્યાં : 'આ છોકરી કોણ છે રત્નાપ?'

'ઓળખી નહીં ? પ્રિયા છે પ્રિયા, તમારી પકુડી.'

ગંગાબા ફાટી આંખે ઘડીક પ્રિયા તરફ ને ઘડીક રક્ષક તરફ તાકી રહ્યાં. રક્ષક નીચે મોઢે સ્થિતપ્રજ્ઞ ઉભો રહ્યો. દાતરડાની ધાર જેવી પ્રતીતિ તેને થઈ રહી હતી અને એમાં એનો જીવ કાચા ડૂંડાની માફક વઢાઈ રહ્યો હતો.

પ્રિયા કશું ય બોલ્યા વિના ટીવી ચાલુ કરીને સોફા પર ગોઠવાઈ ગઈ. મધ્યમ કદની, દૂધ–ઘી ખૂબ ખાધાં હશે એટલે શરીર પણ ફૂલીને દડા જેવું થઈ ગયેલું. સોફા પર બેસવાની ને હસવાની અદા સાવ ગમાર જેવી. રક્ષક ધ્રૂજી ઉઠ્યો. તેના અંગે અંગમાં કંપારી આવી ગઈ. એક વિરાટ ધમ્મરવલોણું એના મગજમાં ફરતું રહ્યું અને એમાં એ વલોવાવા લાગ્યો.

બા મહેમાનો માટે રસોઈની તૈયારી કરવા ઉતાવળાં થતાં હતાં ને રક્ષકે તેમને રોક્યાં. બા તમે બંને ઘણા વર્ષે મળ્યાં છોપ નિરાંતે વાતો કરો. હું બહારથી જમવાનું લઈ આવું છું.

રત્ના રક્ષક સામે સ્મિત વેરતાં કહે : 'દીકરો તારો ખાસ્સો મોટો ને સમજદાર છે. શહેરની છાંટ તો ક્યાંય દેખાતી નથી. હું તો આ બંનેના લગ્નનું ઝડપથી ગોઠવવા માટે જ આવી છું. ક્યાં સુધી બેસી રહેવાનું ગંગા' એ સાંભળી ગંગાબા ઘડીક ગંભીર બની ગયાં. રક્ષકનો ઉચાટ વધવા માંડ્યો. તે ઝડપથી ટીફીન લઈ બહાર નીકળી ગયો.

'આપણી પોલ ખૂલી ગઈ છે.' એ બાતમી આપવા વ્યાકુળ બનેલો રક્ષક કેટલીયેવાર સુધી મોક્ષાનો નંબર જોડતો રહ્યો પણ સ્વીચ ઑફનો સંદેશો મળ્યો ત્યારે તે ખરેખર ખૂબ નિરાશ થયો. રેસ્ટોરન્ટમાંથી ટીફીન ભરાવી તે ઘરે પાછો ફર્યો. રત્નામાસીને પ્રિયાને જમાડ્યાં. ગામની, પ્રિયાની ઘણી વાતો થઈને છેક સાંજે બંનેને રક્ષક એસ.ટી. બસમાં બેસાડી આવ્યો ત્યારે બા નો ભારેખમ ચહેરો જોઈ તે ચૂપચાપ ટીવી જોવા બેસી ગયો.

'હમણાં જ મોક્ષાને બોલાવ, એ એના મનમાં સમજે છે શું ? મને મૂરખ બા ના અવાજમાં રુક્ષતા હતી. વેદના છલકાતી હતી.

'બા, એનો ફોન બંધ છે. મોડેથી પ્રયત્ન કરી જોઈશ.' હજુ રક્ષકનું એટલું બોલવું જ હતું ને આશ્ચર્ય વચ્ચે ધીમેથી દરવાજો ખોલીને મોક્ષા આવી ગઈ. બાને પગે લાગી. વાતાવરણની ગંભીરતાનો મોક્ષાને ખ્યાલ આવી ગયો. તેણે ધીમેથી બગલ થેલામાંથી એકે પેકેટ ગંગાબા સામે ધર્યું.

'બા, તમારા માટે ગરમ શાલ લાવી છું. આ શાલ કેટલી જૂની થઈ ગઈ છે.'

ગંગાબાએ પેકેટ બાજુએ ફેંકી દીધું. એટલે મોક્ષાને પાક્કી ખાતરી થઈ ગઈ કે કંઈક અજુગતું બન્યું છે. તેનું હૃદય ધડકવા માંડ્યું. તે રક્ષક સામે જતી જ હતી ને ગંગાબાએ હાથ પકડીને પાસે બેસાડી દીધી.

'ત્યાં ક્યાં જાય છે ? તારે મારી પાસે જ હંમેશા રહેવાનું છે, સમજી. તારા બાપુજીને મળવા આપણે બધા સાજે જ જઈશું. હવેથી બધાં નાટકો બંધ. પહેલા દિવસથી જ તને હું ઓળખી ગઈ હતી. મારી આંખોનું તેજ હજુયે અકબંધ છે સમજ્યા.'

'માફ કરજો બા, અમારી પાસે કોઈ રસ્તો નહોતો એટલે અમારો આ છેલ્લો પ્રયત્ન કરવાની ફરજ પડીપ' ગંગાબાએ બંનેના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા ત્યારે ત્રણેની આંખોમાંથી હરખનાં અશ્રુ સરી પડ્યાં. અણકલ્પ્યો ઉત્સાહનો ઓચ્છવ છવાઈ ગયો.

'મેં નહોતું કહ્યું મોક્ષા, મારી બાની તોલે કોઈ ના આવે.'

મોક્ષાએ રક્ષકની સમીપ સરકી કાનમાં હળવેકથી, મીઠાશથી કહ્યું : 'તમારા જેવો માવડિયો મેં એકે જોયો નહીં.'

## માનવતાનાં મૂલ્ય

જાહેર માર્ગ પર આવેલા રામજી મંદિરના પરિસરમાં એક વીસ એકવીસ વર્ષનો ફૂટડો યુવાન બેઠો છે. મંદિરમાં દર્શનાર્થીઓની ખાસ્સી અવર–જવર છે. મંદિરમાંથી સુમધુર સંગીતનો ધ્વનિ રેલાઈ રહ્યો છે પરંતુ યુવાનનું એ તરફ બિલકુલ ધ્યાન જ ના હોય તેવું લાગી રહ્યું છે. યુવાન એકદમ ચિંતાગ્રસ્ત ચહેરે વિચારોમાં મગ્ન છે, ચહેરા પર એકદમ હતાશા છવાયેલ છે. એ ઘડીભર ભગવાનની મૂર્તિ સામે જુએ છે તો વળી ઘડીભર નીચું માથું કરીને રડમસ થઈ જાય છે. મંદિર પરિસરમાં યુવાનથી થોડી જ દૂર બેઠેલ એક યુવતી એનું સતત નિરીક્ષણ કરી રહી છે,ને સાથે સાથે કંઈક યાદ પણ કરી રહી છે.

અડધો કલાકનો સમય પસાર થઈ ગયો. અચાનક યુવાન ઉભો થયો ને બહાર નિકળીને જાહેર રસ્તા પર આવ્યો. યુવતી એક્ટીવા લઈને આવેલ હતી તે પણ તરત ઉભી થઇને એક્ટીવા પર બેસી તરત જ યુવાનની પાછળ ગઈ. યુવાન ભીની આંખે રસ્તાની બાજુમાં ઉભો રહ્યો. યુવતીએ યુવાન પાસે એક્ટીવા પાર્ક કર્યું અને પાસે આવીને સીધો જ પ્રશ્ન કર્યો. કોણ છો તમે ? ક્યાંથી આવો છો ? એકદમ મુંઝાયેલા કેમ છો ? હું તમારુ અડધોએક કલાકથી નિરિક્ષણ કરી રહી છું, તમે એકદમ ચિંતામાં હો એવું મને લાગે છે. મહેરબાની કરીને જે હકીકત હોય તે કહી દો મને.

યુવતીનાં વાક્યો સાંભળીને યુવાન રીતસરનો રડી પડ્યો અને યુવતી સામે ઘડીભર જોઈ રહ્યો પરંતુ તરત જ આંસું લુંછીને એણે થોડી સ્વસ્થતા ધારણ કરી લીધી. થોડો સ્વસ્થ થઈને એણે ટુંકમાં જવાબ આપ્યો, કંઈ નહિ, થોડો લાગણીમય બની ગયો હતો. યુવાન યુવતીના પ્રશ્નો ગળી ગયો. યુવતી થોડી મુંઝાઈ. થોડી વાર વિચાર કરીને પછી યુવાનના ખભે હાથ મુકીને પ્રેમથી એ બોલી, ચાલો મારા ઘેર. મારા પપ્પા આગળ આપના મનની જે કંઈ વ્યથા હોય તે રજૂ કરજો, કદાચ કોઈ રસ્તો મળે તો !

યુવાન સંકોચાઈને ફરીથી યુવતી સામે એકીટશે જોઈ રહ્યો. એ યુવતીની લાગણી જોઈને એકદમ વિહવળ થઈ ગયો. એનામાં બોલવાના હોંશકોશ ના રહ્યા. યુવતીએ યુવાનને હલબલાવી નાખ્યો અને આદેશ કર્યો, ચાલો મારે ઘેર, બીજી વાત પછી !

ક્યાં ? કેમ ? આપ કોણ છો ? કયા સબંધે લઈ જાઓ છો તમારે ઘેર ? યુવાન રડમસ અવાજે બોલ્યો.

ગંભીર ચહેરે યુવતીએ કહ્યું, તમે અજાણ્યા અતિથિ છો એટલે સંબંધ તો માનવતાનો ! બાપુજી પાસેથી શીખેલ સંસ્કાર, સમજણ તમને આમંત્રણ આપે છે મારે ઘેર આવવાનું. કોઈ પણ સંશય કે ચિંતા વગર જલ્દીથી એક્ટીવા પાછળ બેસી જાઓ.

નિ:શબ્દ બની ગયો યુવાન એ કંઈ પણ બોલ્યા ચાલ્યા વગર યુવતીના ચાલુ કરેલ એક્ટીવા પાછળ બેસી ગયો. છતાંય યુવાન એટલું તો પુછી જ બેઠો, એક અજાણ્યા યુવાનને ઘેર શા માટે લઇ જાઓ છો ? યુવતીએ કોઈ પ્રત્યુત્તર ના આપ્યો.

એક્ટીવા થોડું અંતર ચાલ્યું ત્યાં યુવતીનું નિવાસસ્થાન આવી ગયું. યુવતીએ મુખ્ય દરવાજે આવીને હોર્ન વગાડ્યું. પંદરેક વરસનો એક તરૂણ દોડતો દોડતો આવ્યો ને બોલ્યો, લાવો દીદી હું એક્ટીવા પાર્ક કરી દઉ. યુવતી અને યુવાન નીચે ઉતર્યા. યુવતીએ એક્ટીવા તરૂણને આપ્યું. તરૂણ યુવતીનો સગો ભાઈ હતો, એણે પુછ્યૂં, કોણ છે દીદી આ ભાઈ ? મહેમાન છે આપણા ?

યુવતી ભાઈને જવાબ આપ્યા વગર જ ઘર તરફ ચાલવા લાગી. એણે પાછળ પણ ના જોયું. યુવાન એની પાછળ ઘસેડાયો. થોડું ચાલ્યા બાદ યુવાનની ઘરના પ્રવેશદ્વાર પર નજર પડી. પ્રવેશદ્વાર પર "મગનભાઈની મહેર" લખાણ જોઈને થોડો અચંબીત થઈ ગયો યુવાન. એ યુવતીની પાછળ પાછળ બેઠક ખંડમાં પ્રવેશ્યો. એણે દિવાલ પર ટીંગાડેલ એક તસવીર જોઈ એ સાથે જ એ મનોમન ચોંકી ઉઠ્યો. અરે આ શું ? પોતાનાં જ માતાપિતાની તસવીર જોઈને હચમચી ગયો યુવાન એ તસવીરને એકીટશે જોઈ જ રહ્યો. એની આંખો ઉભરાવા લાગી.

રસોડામાંથી પાણી ભરીને આવેલ યુવતીને તાળો મળી ગયો, હા, મગનકાકાનો મયંક જ છે આ યુવાન. પિતાજીએ ઘણીવાર બતાવેલ તસવીર તે આ જ મયંકની. ઓળખાણ પાક્કી થઈ જતાં જ યુવતીએ નામ સાથે સંબોધન કરતાં કહ્યું, પાણી પી લ્યો મયંક !

કોણ પ્રત્યુત્તર આપે ? મયંક નીચે ફસડાઈ પડ્યો. એક્ટીવા પાર્ક કરીને આવેલ યુવતી આશાનો નાનો ભાઈ વેદ મયંકને જોઈ રહ્યો.

આશાએ મમ્મી ! જલ્દી આવ. કહીને બૂમ મારી. આશાનાં મમ્મી સવિતાબેન દોડતાં દોડતાં બેઠક ખંડમાં આવ્યાં. દ્રશ્ય જોયું, આવેલ વ્યક્તિથી અજાણ સવિતાબેન પાસે જઈને આશાએ ધીમેથી કહ્યું, મમ્મી ! આ મગનકાકાના દિકરા મયંક છે. રામજી મંદિરે બેઠા હતા ત્યાંથી લઈને આવી છું.

બીજી હકીકતથી સાવ અજાણ સવિતાબેન જલ્દી જલ્દી મયંક પાસે આવ્યાં. ખભે હાથ મુકીને લાગણીસભર અવાજે બોલ્યાં, બેટા મયંક શું વાત છે ?

કોઈ સળવળાટના થતાં સવિતાબેન નીચે બેસી ગયાં અને ઘડીભર મયંકના માથા પર હાથ ફેરવી ફરીથી બોલ્યાં, શું થયું છે દીકરા ? તું કેમ કંઈ બોલતો નથી ? જાણે પોતાની માતાનો જ હાથ ફરી રહ્યો હોય એવું અનુભવતા મયંકે સહેજ માથું ઉંચું કરી સવિતાબેન તરફ નજર નાખી. ધીરેધીરે એ બેઠો થયો અને પછી ચકળવકળ નજરે નાના બાળકની જેમ આ સાવ અજાણ્યા લાગતા પરિવારને જોતો રહ્યો.

થોડું પાણી પીધું, સોફા પર બેઠો. થોડી સ્વસ્થતા પ્રાપ્ત થતાં જ એ બોલ્યો, આ કોનું ઘર છે? આપ બધાં મને કઈ રીતે ઓળખો છો ? બહાર મગનભાઈની મહેર. ઘરમાં મારાં માબાપની તસવીર ? મને કંઈ  જ સમજ પડતી નથી.

સવિતાબેન ભાવાવેશમાં બોલ્યાં, બેટા મયંક ! આ તારુ ઘર છે. તારા પિતાજી અમારા ભગવાન છે. બાકીની વાતો તારા કાકા આવીને કરશે પરંતુ તું આમ નર્વસ કેમ છે ? ઘેર મગનભાઈ અને ભીખીબેન ક્ષેમકુશળ છે ને ?

બસ, પુરૂ થયું. મયંક ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. સવિતાબેને એને ખોળામાં લઈને ઉચ્ચક જીવે પૂછ્યું, કંઈક હકીકત બતાવ બેટા.

મયંક ભાવવિહિનને નિસ્તેજ ચહેરે એટલું જ બોલી શક્યો, મા બાપ હાલ આ દુનિયામાં નથી. હેં ? શું કહે છે તું ? એટલા જ શબ્દો નિકળ્યા સવિતાબેનના મોંઢેથી એ પણ ચોધાર આંસુએ રડી પડ્યાં ? કોણ કોને સાંત્વના આપે ?

આશાએ ઝડપભેર તેના પિતાજી મોહનભાઈને ફોન કર્યો, પપ્પા ! આપણા ઘેર મગનકાકાના દીકરા મયંક આવ્યા છે, જલ્દી ઘેર આવો.

મારા બાળ લંગોટીયા મિત્ર, ભાગ્યાનો ભેરૂ, મારા ભગવાન મગનભાઈનો દીકરો મારા ઘેર ? શહેરમાં દવાખાનું ધરાવતા ખ્યાતનામ ડોક્ટર મોહનભાઈ પળનોય વિલંબ કર્યા વગર કાર હંકારીને તાબડતોબ ઘેર આવી પહોંચ્યા. બેઠક ખંડમાં પ્રવેશ કરતાં જ મોહનભાઈએ કરુણ દ્રશ્ય નજરે જોયું.'

શું વાત હશે ? કોને પુછું ?

પતિ પર નજર પડતાં જ સવિતાબેન તેમની પાસે આવ્યાં. સોફા પર બેસવાનો ઈશારો કર્યો. મોહનભાઈએ થડકતા હૈયે સોફા પર બેઠક લીધી એ સાથે જ પત્નીએ તૂટક તૂટક શબ્દોમાં ભીની આંખે મગનભાઈ અને તેમનાં પત્નીના મોતના સમાચાર આપ્યા.

જીવનની તડકી છાંયડી જોઈ ચુકેલ મોહનભાઈ માથે જાણે આભ તૂટી પડ્યું. એ સૂનમૂન થઈ ગયા. આશાએ પાણી આપ્યું.અજાણપણે ગળામાં પાણી ઉતાર્યું. કશું સમજાતું નહોતું.

મોહનભાઈ ઉઠીને મયંક પાસે ગયા. મયંક વેદના ભૂલી ને ઉભો થઈને મોહનભાઈના પગે પડવા ગયો, એ નીચો નમીને પગે પડે એના પહેલાં મોહનભાઈએ બાથ ભરીને હૈયા સરસો ચાંપી દીધો. અશ્રુધારા વહેતી રહી બન્નેની આંખોમાંથી થોડી હળવાશ થઈ બન્નેને છતાંય હજી મયંકને કોઈ વાતનો તાળો મળતો નહોતો.

અજીબ મિલન છે મયંક અને મોહનભાઈના પરિવારનું. આજે પ્રથમ વાર રૂબરૂ મયંકને જોયો છે સૌએ.

મગનભાઈ ગામડાના એક ખેડૂતનો દીકરો. બાર ધોરણ પાસ ખેતીની પાંચ વિઘા જમીન અભ્યાસ વખતે ભણવામાં હોશિયાર. ધોરણ આઠમાં નજીકના શહેરમાં અભ્યાસાર્થે ગયા ત્યાં મોહનભાઈ તેમના સહાધ્યાયી બન્યા. મોહન નજીકના ગામનો ગરીબ પરિવારનો દીકરો. ગત જન્મના લેખ હોય કે ગમે તે પરંતુ બન્ને વચ્ચે એવી મિત્રતા બંધાઈ કે એનો જોટો જડવો મુશ્કેલ.

સમયને પસાર થતાં વાર ક્યાં લાગે છે ? બન્નેનું ધોરણ બારનું પરિણામ આવી ગયું. મગનભાઈ સારા ટકે પાસ થયા, પરંતુ પાંચ ભાઈઓમાં સૌથી મોટા હોવાથી અભ્યાસ પર બ્રેક લાગી ગઈ. બીજી બાજુ મોહન બાર સાયન્સમાં અવ્વલ નંબર રહ્યો. મેડીકલનું ફોર્મ ભરાયું, પ્રવેશ મળ્યો. એમ. ડી. ડોક્ટર થયો ત્યાં સુધીનો ખર્ચ મગનભાઈએ સગા ભાઈઓના વિરોધ વચ્ચે પૂરો કર્યો.

પોતાના ભાગે આવતી જમીનમાંથી બે વીઘા જમીન મગનભાઈએ ગીરવે મૂકી પરંતુ મિત્રભાવ નિભાવ્યો. મિત્ર ભાવ નિભાવવામાં તેઓ ભાઈઓમાં અપ્રિય બની ગયા. અત્યંત મહેનતુ અને બુદ્ધિજીવી હોવાથી મગનભાઈને કયાંય કોઈ તકલીફ નહોતી. ખેતી સિવાય પશુપાલન અને અન્ય વેપાર ધંધો કરીને જીવનમાં ઠીક ઠીક પ્રમાણમાં કમાણી કરી લે પરંતુ જીવનનિર્વાહ થાય એટલું બચાવીને બાકીનું સેવા કાર્યોમાં ખરચી કાઢે.ભાઈઓ ગમે તે કહે પરંતુ ભ્રાતૃભાવ આખા પંથકમાં વખણાઈ ગયો. ગામના કોઈ પણ પ્રકારના કાર્યમાં મગનભાઈ હાજર. સૌના માનિતા અને સત્યનિષ્ઠ માનવીનું નામ આપવું હોય તો એ મગનભાઈ. ટૂંકમાં માનવતાની મિશાલ એટલે મગનભાઈ !

ડોક્ટર બન્યા પછી મોહન એનું રૂણ ચૂકવતો રહ્યો. ગીરવે આપેલ જમીનેય પાછી મેળવી પરંતુ ભાઈઓના વિરોધને કારણે મોહનભાઈ માટે મગનભાઈના ઘરના દરવાજા બંધ થઈ ગયા. સ્વમાની મગનભાઈને પણ આ બાબતે બરાબર લાગ્યું,કોઈ કદાચ મોહનભાઈની માનહાનિ કરે એના કરતાં એના આવે એ ઉત્તમ.

મોરનાં ઈંડાંને ચિતરવાનાં ના હોય. મયંક શરૂઆતથી જ ભણવામાં હોશિયારએ એમ.બી.બી.એસ.ના ચોથા વર્ષમાં છે. મગનભાઈ પુરા આર્થિક આયોજનથી મયંકને ભણાવી રહ્યા છે પરંતુ હાય રે વિધિની વક્રતા ! ભર્યો ભાદર્યો માળો પળમાં વિખરાઈ ગયો. મગનભાઈ અને ભીખીબેનને માર્ગ અકસ્માત થયો. પાણીની જેમ પૈસા વહાવ્યા દવાખાને, પરંતુ અઠવાડિયે તો આ સારસ બેલડી સમાન દંપતિ સ્વર્ગે સિધાવી ગયાં.મયંક માથે આભ ફાટ્યું.

સમાજમાં આબરૂદાર અને આગેવાન કુટુંબ હોઈ કારજમાં ભાઈઓએ અઢળક ખર્ચ કરાવ્યો. પંદર દિવસે કારજ અને દવાખાનાનો હિસાબ થયો. મગનભાઈનાં ગાય, ભેંસ વેંચાઈ ગયાં, પાંચ વીઘા જમીન પણ ભાઈઓ પાસે જ ગીરવે મુકાઈ ગઈ. હાય રે કુદરત !

ગમગીન બની ગયો મયંકકાકા કુટુંબના વ્યવહાર વર્તનથી ભાંગી પડ્યો. આગળ અભ્યાસની ઈચ્છા મરી પરવારી. વિશ્વાસ ઉઠી ગયો જગત પરથી મયંકને બસ, એક મા–બાપે આપેલ સંસ્કાર, સમજણે આત્મહત્યા તરફ જતાં રોકી લીધો. વહેલી સવારે ઉઠીને માતા–પિતાની છબીને પ્રણામ કરી ચાલવા માંડ્યો મયંક. ક્યાં જવું ? શું કરવું ? વિચારોના વમળમાં ચાલવા જ માંડ્યો, પરંતુ કુદરતની ગતિ ન્યારી છે.

મંદિર પરિસરમાં આશાએ જોયો ને મોહનભાઈના ઘેર મહેમાન બન્યો. વાહ રે ! કુદરત. જમવાની ઈચ્છા તો સૌની મરી પરવારી હતી છતાંય સાંજના વાળુના બે કોળીયા નાખીને બધાં બેઠાં છે એ વખતે મોહનભાઈને લાગ્યું કે મયંક હવે થોડો સ્વસ્થ દેખાય છે એટલે ખભે હાથ મુકીને એમણે મયંકને કહ્યું, પળવારમાં આ બધું કઈ રીતે બની ગયું ? હવે આખી ઘટના કહી સંભળાવ બેટા !

એક એક શબ્દ કહેતો ગયો મયંક. સૌ ગમગીન બનતાં ગયાં. માનવતાનો અનન્ય લાગણી પ્રવાહ સૌની આંખોમાંથી ટપક્તો રહ્યો. મોહનભાઈએ મયંકને છાતી સરસો ચાંપી દીધો. સવિતાબેન માથા પર હાથ પસવારતાં રહ્યાં. લોહીના સબંધો આગળ માનવતાના સબંધો આગળ નિકળી ગયા. પુરુ રડી લેવા દીધો મયંકને ધીરેધીરે થોડો સ્વસ્થ થયો મયંક.

આશાએ સૌને પાણી આપ્યું. મોહનભાઈએ મગનભાઈ સહાધ્યાયી હતા ત્યાંથી માંડીને ડોક્ટર બન્યા ત્યાં સુધીની મગનભાઈની ભૂમિકા શું હતી તે શબ્દશઃ વર્ણન કર્યું. મયંક આ વૃતાંત સાંભળીને થોડો હળવો થયો એ વખતે જ સવિતાબેને વિનવણી જેવા સ્વરે કહ્યું, અમને એ ઋણ ચૂકવવાનો મોકો આપવાનો છે મયંક. તારે અહીં જ રહીને એમ.બી.બી.એસ/એમ.ડી. પુરુ કરવાનું છે.

ઘડીભર ખામોશી છવાયેલી રહી. મોહનભાઈની ઈચ્છા તો હજી કંઈક બીજી જ હતી. એમણે દિકરી આશા તરફ નજર કરી અને છેવટે બોલીને જ રહ્યા, બેટા મયંક ! તને ડોક્ટર બનાવીને વાત પુરી કરવાની નથી. મારી દિકરી આશા પણ અત્યારે એમ.બી.બી.એસ.ના ત્રીજા વર્ષમાં છે. તમારા બન્નેનો અભ્યાસ પુરો થાય એના પછી તારે એનો હાથ પકડીને તારા વતનમાં મગનભાઈના વ્યક્તિત્વને સેવારુપી શ્રધ્ધાંજલિ આપવા જવાનું છે.

આશા થોડી જરૂર શરમાઈ છતાંય નીચું તાકીને એ મોહનભાઈના પગ પાસે બેસી ગઈ.

સમયના સોનેરી વહેણમાં સરકતાં સરકતાં ડો. મયંક અને ડો. આશા, બન્ને પતિ–પત્ની આજે મગનભાઈના સેવાધર્મને ઉજાળી રહ્યાં છે. મયંકના વતનમાં એમના આલીશાન ઘર પર સ્પષ્ટ અક્ષરોમા લખેલું દેખાય છે.

**મોહનભાઈની મમતા**

**લેખક – નટવરભાઈ રાવળદેવ**

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક “બાજખેડાવાળ પત્રિકા” આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What’s APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What’s APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What’s APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

## સુધારા

માર્ચ–૨૬ની પત્રિકામાં પાના નં. ૮ પર મોહિત પરેશ દવેના જન્માક્ષરમાં અભ્યાસ– બી.ટેક. (મીકેનીકલ એન્જી. નિરમા યુનિવર્સિટી) તેમજ M.Sc.(Computational Mechanics, ISF Germany) વાંચવું.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810